REGISTERED No. B. 156.

શ્રી

# જૈન ધર્મ પ્રકાશ.

પુસ્તક ૩૮ મું.
અંક ૨ જો.

વૈશાખ.
સંવત ૧૯૭૮.

अनुक्रमणिका.


| | | |
|---|---|---|
| ૧ | માસિકની ઉક્તિ. (પદ્ય.) | ૩૫ |
| ૨-૩ | દર્શનાભિલાષ.-લેખકો ઉભ[illegible]ય છે.(પદ્ય.) | ૩૬-૩૭ |
| ૪ | પરમાનંદના ઉપસંહાર વાળા લેખની સમાલોચના. | ૩૮ |
| ૫ | મહાવીર પ્રભુની જયંતી કેમ ઉજવાય ? | ૪૩ |
| ૬ | ભાઇ બ્હેનોએ સત્યં તત્ત્વનો સ્વીકાર કરવાની જરૂર | ૪૫ |
| ૭ | સોળ વિદ્યાદેવીઓના વર્ણ વિગેરે. | ૪૮ |
| ૮ | પહેલી બીજી ચોપડીની [illegible]માલોચના. | ૫૦ |
| ૯ | આપણું ભાવી. | ૫૩ |
| ૧૦ | કેશર અને જૈન. | ૫૬ |
| ૧૧ | આધુનિક જૈનોનું કળાવિહીન ધાર્મિક જીવન.(મ. કી.) | ૫૮ |
| ૧૨ | આપણું દારિદ્રાવસ્થા ભોગવતું જ્ઞાનક્ષેત્ર | ૫૯ |
| ૧૩ | થોડામાં મીઠાશ. | ૬૪ |
| ૧૪ | સ્ફુટ નોંધ અને ચર્ચા. | ૬૫ |


પ્રગટ કર્તા
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂા. ૧-૮-૦
પોસ્ટેજ રૂા. ૦-૪-૦

ભાવનગર-'શારદાવિજય' પ્રી પ્રેસમાં શા. મઠુલાલ લશ્કરભાઇએ છાપ્યું.

# अमारुं पुस्तक प्रसिद्धि खातुं.

१ તરતમાં બહાર પડશે.

૧ શ્રી વૃહત્ ક્ષેત્ર સમાસ. મોટી ટીકા સહિત.

૨ શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર. ભાગ ૨જો. આવૃત્તિ બીજી. (બંધાય છે.)

૩ શ્રી ધન્યકુમાર ચરિત્ર ભાષાંતર. (બંધાય છે.)

૨ છપાય છે.

૧ શ્રી શાંતિનાથ ચરિત્ર ભાષાંતર. (પ્રસ્તાવના છપાય છે.)

૨ શ્રી વિનોદાત્મક કથા સંગ્રહ ભાષાંતર. (જૈન ધર્મ પ્રકાશની ભેટ માટે)

૩ શ્રી પરિશિષ્ટ પર્વ ભાષાંતર.

૪ શ્રી ઉપદેશ કલ્પવલ્લી (મન્નહજિણાણુંની ટીકા)નું ભાષાંતર. (પ્રસ્તાવના બાકી છે)

૫ શ્રી પર્વતિથિ વિગેરેના ચૈત્યવંદનાદિનો સંગ્રહ.

૬ આઠ દૃષ્ટિની સઝાય સાર્થ, ગીરનારજી તીર્થમાળ વિગેરે.

૭ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ વિભાગ ૪ થો. સ્થંભ ૧૯ થી ૨૪.

૮ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા ભાષાંતર-વિભાગ ૨ જો.

૯ શ્રી અધ્યાત્મકલ્પદ્રુમ ભાષાંતર. આવૃત્તિ ત્રીજી.

૩ તૈયાર થાય છે.

૧ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર.

૨ પ્રકરણ પુષ્પમાળા વિભાગ ૨ જો (કેટલાક નાના પ્રકરણો સાર્થ)

---

## "પોસ્ટના ભાવ વધતાં પત્ર લખનારાઓને સૂચના."

આ સભા ઉપર માસિકને અંગે, બુકો મંગાવવાને અંગે અથવા બીજા કોઈ પણ કારણથી પત્ર લખવામાં આવે ત્યારે જવાબ મેળવવાની ઇચ્છાવાળાએ ડબલ પોસ્ટકાર્ડજ લખવા તસ્દી લેવી. તેમ હશે તોજ અમે જવાબ આપી શકશું. પોસ્ટકાર્ડના બે પૈસા કરવામાં આવ્યા છે. કવરના ચાર પૈસા કરવામાં આવેલા છે. તેથી ઓછા પોસ્ટવાળા કાગળો પાછા પણ આપવામાં કે મોકલવામાં આવતા નથી. ડેડ લેટર ઓફીસમાં જાય છે ને ત્યાં નાશ થાય છે. આમ થવાથી પત્ર પહોંચતો નથી અને આપણે જવાબ કેમ ન આવ્યો ? એવો વિચાર કરીએ છીએ. આ હકીકત ઉપર સર્વ પત્ર લખનારા બંધુઓ ધ્યાન આપશે.

તંત્રી.

## પશ્ચિમ ગોહિલવાડ વીશાશ્રીમાળી જ્ઞાતિના સુધારેલા ધારા.

કિંમત છ આના. પોસ્ટેજ અરધો આનો.

આ બુક શ્રી જીરાવાળા દોશી વનમાળીદાસ અંદરજીએ જીરા મુકામે ધારાને સુધારા કરવામાં આવ્યા તે પ્રમાણે સુધારીને છપાવી છે. બુક ખાસ ઉપયોગી છે. ખરીદ કરવા ઇચ્છનારને આ સભામાંથી પણ મળી શકશે.

श्री

# जैन धर्म प्रकाश.

जं कल्ले कायव्वं, तं अज्जं चिय करेहु तुरमाणा।
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥ १ ॥

"જે કાલે કરવું હોય (શુભ કાર્ય) તે આજેજ અને તે પણ
ઉતાવળે કર, કારણકે એક મુહૂર્ત્ત (બેઘડી) પણ ઘણા
વિઘ્નવાળું હોય છે, માટે બપોર સુધી પણ ખમીશ નહીં.
(વિલંબ કરીશ નહીં.)

પુસ્તક ૩૮ મું.] વૈશાખ—સંવત ૧૯૭૮. વીર સંવત ૨૪૪૮. [અંક ૨ જો.

## मासिकनी उक्ति.

### હરિગીત વૃત્ત.

સપ્તત્રિંશત્ વર્ષ નિર્મળ સેવ મ્હેં કીધી વીરા !
અણગણ ગહનં ને સત્ય ધાર્મિક તત્ત્વ મ્હેં શીખ્યા વીરા !
મુઝ હો અધિક તેથી અખંડિત સેવના આ વર્ષમાં,
ઉપદેશ સુણી લ્યો વાંચકો ! રસ ધર્મના ઉત્કર્ષમાં. ૧

સુલલિત લેખો કાવ્યદ્વારા જ્ઞાનનું વર્ણણ કરૂં,
નિશદિન નીતિ ધર્મનાં કૈં પાઠ હું શીખવ્યા કરૂં;
વળી ચિત્તની ચારે દિશાને ધર્મરંગવડે રસું,
યદિ થાય આતમ ઉન્નતિ તમ તો વીરા ! હેતે હસું. ૨

સાહિત્યરસિયા વાંચક ઉન્માર્ગથી ઉદ્ધારવા,
ધર્મ જ્ઞાન સુધા પિપાસુ સર્વને સંતોષવા;

હું ધર્મ માનું, ફર્જ માનું, એ સુકાર્ય કરી રહું,
શ્રી વીરનાં અનુયાયી જીવનપંકજો ખીલવી રહું. ૩

સંપ જંપ વધારવા યતું[1] જૈનશાસનમાં વીરા !
સદ્‌જ્ઞાન જ્યોત જગાડી ચૌવિહ સંઘને સુધારવા;
શાંતિ અનુપમ અજબ વીરતા ઉરમાં રેડું સદા,
શ્રી વીર વાણીવડે હું ચિત્તગુહા ગજાવું સર્વદા, ૪

વ્હાલા વીરા ! મમ બોધનું વાંચન મનન કરજે સદા,
તદ્વત્ અનુસરવા યતીશ[2] થશે દૂર દુઃખદ આપદા;
સમ્યકત્વના શિખરે રહે તું એજ અમ ઉર ભાવના,
**શ્રી જૈનધર્મ પ્રકાશ** વાધો એજ સુંદર પ્રાર્થના. ૫

"સુંદર."

## दर्शनाभिलाष.

મને હો સંન્તના દર્શન, નિરંતર સંન્તના દર્શન; **મને હો.**
પ્રભાતે સંન્તના દર્શન, મને હો સંન્તના દર્શન.

કર્પૂર સમ ઉજ્વળ કરે, કર્પૂર સમ સુવાસ;
કર્પૂર સમ મંગળ કરે, નહીં લવલેશ કુવાસ;
મને હો સંન્તના દર્શન. ૧

નિંદમાં ને સ્વપ્નુમાં, પ્રત્યેક દૃષ્ટિપાતમાં,
સ્થળ સ્થળ વિષે, જળ હળ દિસે,
અમ હાર્દના યે ઉંડાણુમાં, સબ સૃષ્ટિના સૌંદર્યમાં;
નયને પડો એ દિવ્ય સંતની પુનિત પ્રતિમા ભેટતાં,
આનંદની ઉર્મિ ઉરે ઉભરાય એને નિરખતાં;
હો સંન્તના દર્શન સદા હો સંન્તના દર્શન. ૨

સંસારથી સંતપ્ત જન પર શાંતિ શી વરસાવતા,

૧ પ્રયત્ન કરૂં. ૨ પ્રયત્ન કરીશ તો.

સત્ય પંથ સુઝાડી સહુને સ્નેહથી સંબોધતા;
એ કર્મવારણ આત્મતારણ, બોધ ઝર્ણ વહાવતા
સમ દષ્ટિ નાખી ભવ્ય તારી ધર્મ ધ્વજ ફરકાવતા;
નિજ આત્મ જ્યોત જગાવતા,
એ સન્તના દર્શન, મને હો સન્તના દર્શન. ૩

"સુંદર"

## "લેખકો ઉભરાય છે."

(હરિગીત અથવા નંદકે લાલા હોઃ— )

તેય પણ દિવસ હતો, જ્યાં લેખકો જડતા નહીં;
ત્યાં આજ શહેરે શહેરમાં, બહુ લેખકો ઉભરાય છે. ૧
તેય પણ દિવસ હતો, જ્યાં પેપરો કમતી હતા;
ત્યાં પેપરો સુકાળ થાતાં, લેખકો ઉભરાય છે. ૨
છાપા છપાતા નામના, ત્યાં બ્હીક બહુ દિલ લાગતી;
પણ આજ તો ભયભ્રાન્તિ ભાંગી, લેખકો ઉભરાય છે. ૩
રાજા ગવર્નર શેઠનો, કુત્રો જરા માંદો થતાં;
છાપે ચડાવે વાતને એ, લેખકો ઉભરાય છે. ૪
બોલ્યા નગરશેઠ આમ ને, દીધાંજ કીર્તિદાનને;
પણ ઠેશ વાગે ચડે છાપે, લેખકો ઉભરાય છે. ૫
પૂરાણુ થોથા ફેંદીને, લેખો રચે સ્વનામથી;
અક્કલ હજારો કોસ છેટે, લેખકો ઉભરાય છે. ૬
મોચી, તંબોળી, તેલી, વણુકર, ગાંઠીઆવાળા સહુ;
ધોળા ઉપર કાળાં કરે, શ્રીલેખકો ઉભરાય છે. ૭
હાર કંઠે ધારીને, સફરો સફળ ઇચ્છી જરા;
વાઘો બનાવે કાગના, એ લેખકો ઉભરાય છે. ૮
માણુસ મળે ત્રણુ પાંચ જ્યાં, ચર્ચા જમાવે ગામની;
છાપે ચઢાવે સભા મોટી, લેખકો ઉભરાય છે. ૯
થયું આમ તેમાં ભૂલ છે, પણ આમ જો કદિ થાય તો;
એવા ટીકાકાર લેખકો, શેરીમહીં ઉભરાય છે. ૧૦

ગુલાબચંદ મૂળચંદ બાવીશી.

# ભાઈ પરમાનંદના ઉપસંહારની યથાયોગ્ય સમાલોચના.

ચિત્રકળા—આળેખેલાં ચિત્રોમાં જેટલે દરજ્જે રસવાહકતા અધિક એટલે ઉક્ત ચિત્રમાં જે પ્રકારનો રસ લાવવાનો હોય તે સહજ સ્ફુટ રીતે લાવી પ્રગટાવી શકાય તેટલે દરજ્જે ચિત્રકળામાં કુશળતા મેળવી લેખાય. જેનામાં કેવળ શાન્તરસજ સંપૂર્ણ વ્યાપેલો પ્રતીત કરાય છે તેવી જિન—અરિહંત—વીતરાગ પ્રભુની પ્રતિમા શાસ્ત્રોક્ત યથાર્થ લક્ષણ યુક્ત કરવામાં તેમજ હૃદ્ગત ચોક્કસ અવસ્થા દર્શાવનારી પ્રતિમાદિક આળેખવામાં ચિત્રકળા ભારે ઉપયોગી થઇ શકે છે. જૈનોમાં આ બાબતનો રસ અને અભ્યાસ ટકી રહ્યાં કે પોષાયાં ત્યાંસુધી તો તેમણે એવા સંખ્યાબંધ સરસ નમુના દુનિયા આગળ રજુ કર્યા. પુરાતન જિનપ્રતિમાઓ તથા શાસન અધિષ્ઠાયિક દેવ દેવીઓની પ્રતિમાઓ, તાડપત્રાદિક ઉપર જોનાર ને વાંચનાર હેરત પામે એવા ચિત્રાદિક સાથે શાસ્ત્ર-લેખો, પૂરાતન પ્રતિમાઓના પરિકરો વિગેરે એની સાક્ષી ભરે છે. લગભગ ત્રણસો વર્ષ સુધીની ચિત્રકળા તો ઠીક વખાણવા જેવી લાગે છે, કેમકે તેમાં રસવાહકતા—ધારેલો રસ પ્રગટાવવાની કળા દેખાઇ આવે છે. ત્યારપછી તેમાં ગમે તે સંયોગોને લઇ પરિવર્તન થયેલું જણાય છે. અત્યારે જ્યાં જ્યાં દેરાસરોમાં ચિત્રો પાછળ ખર્ચ કરાય છે તેમાં રસવાહકતા ઘણી ઓછી હોય છે. અનેક સ્થળે રહેલ શત્રુંજયાદિક તીર્થોના છપાયેલા, કોરાવેલા તેમજ ચિત્રાવેલા નાના મોટા પટ તથા સિદ્ધચક્ર કે તીર્થંકરની છબીઓ એ એના પૂરાવારૂપ છે. આપણને સંખ્યાનો મોહ લાગ્યો છે તેવો ને તેટલો ગુણનોજ લાગે તો તેમાં સહેજે સુધારો થઇ શકે. જ્યાં ત્યાં ગુણ—રસવાહકતાની ખામી દીસે છે સદ્ભાવવાહી એક પણ પ્રતિમા, પટ કે છબીના દર્શન કરતાં ભવ્યાત્માનું હૃદય શાન્તરસથી ભીનું થયા વગર કેમજ રહે ? તે વગર ગમે તેટલી સંખ્યા વધારવા માત્રથી શું વળે ? પ્રથમમાં સ્વાભાવિકતાનું અને બીજામાં કૃત્રિમતાનું સ્પષ્ટ ભાન થતાં પ્રથમના દર્શને સહજ આનંદ અને અન્યત્ર ખેદ અનુભવાય છે, એટલે હવે આપણે પ્રમાણમાં થોડું પણ સુંદર રસવાહક અને એવુંજ કામ કરતાં—કરાવતાં શીખવું ઘટે છે. એવો પરમાનંદનો આશય ઠીક સમજવા પ્રયત્ન કરાય તો પરિણામે આપણને અને પ્રજાને લાભજ થાય.

સંગીત—ગાયન અને વાદનના સંબંધમાં પણ આપણી રસક્ષતિજ થયેલી જણાય છે. ક્યાં, કઇ ચીજ, કેવા રાગમાં ગાવી એનો રીતસરનો અભ્યાસ તો અત્યારે જૈનોમાં ભાગ્યેજ કોઇ રસિક અને પરિશ્રમી રડ્યાખડ્યા ભોજકાદિકમાં

રહ્યો હશે. બાકી બીજા બધા મોટે ભાગે દેખાદેખી કે કેવળ ઇચ્છાનુસારેજ ગાવા મંડી જાય છે, તેમાં જાણ–અજાણનો ભેદ પણ ભાગ્યેજ કળાય છે. ધર્મના મૂળ પાયારૂપ વિનય અને વિવેકને પણ વારંવાર વિસરી જવામાં આવે છે. જિનમંદિરાદિકમાં લલિત પદ કે સ્તવનાદિક આલાપમાં ગાનાર અને સાંભળનારને જે શાન્તિ અનુભવાવી જોઇએ અને શાન્ત વાતાવરણ ખડું થવું જોઈએ તેના બદલે વધારે પડતો ઘોંઘાટ ને કોળાહળ ઘણાએક બીન અનુભવી ભાઇ બ્હેનો તરફથી થતો હોવાથી કોઇ રસિક ગાયકને ક્ષોભ–વિક્ષોભ પેદા થવા પામે છે. જો એકાદ જાણકાર વડીલને અનુસરી વિનય સહિત ચૈત્યવંદનાદિક કરવાનું ધોરણ રાખતાં ભાઇ બ્હેનો શીખે તો સહુને સારા પ્રમાણમાં લાભ થઈ શકે ખરો. સહુ પોતપોતાનું અલગું કરે અને આગળ પાછળ જોરશોરથી બીજાના કાન ચમકે તેમ ઘંટ વગાડી પ્રભુને પુંઠ દઇ પાછા ફરે એ તો અજૂગતું જણાઈ આવે છે, તેથીજ વિનય ને વિવેકને આગળ કરી સહુ ભાઇ બ્હેનો પ્રભુભક્તિનો લાભ લેતાં શીખે એ ખાસ ઇચ્છવા યોગ્ય છે. જ્યાં ગાયનમાં કશોજ મેળ મળતો નથી ને રસ જામતો નથી ત્યાં પછી પૂરા તાલ મેળથી ગાવાની તેમજ વાજિંત્ર સાજની તો આશા શી રીતે રાખી શકાય ? જો બહારનો નકામો આડંબર તજી, ખરી અસલ વસ્તુ–પ્રેમ ભક્તિ ગુરૂહિતવચને જાગે તોજ એવી સુધારણા થવી શકય છે. ખાસ ઠરવાને અને ભવજળધિ તરવાને જેનો આશ્રય ખપી ભાઇ બ્હેનો લે છે તે તીર્થસ્થળોમાં તો ભારે વિનય અને વિવેકપૂર્વક વર્તન રાખી સહુએ એવું શાન્ત વાતાવરણ ખડું કરવું જોઇએ કે જેથી પવિત્ર તીર્થસેવાનો હેતુ સત્વર ફળીભૂત થઇ શકે. સંગીતકળામાં યથાયોગ્ય તાલીમ વિદ્યાર્થી વયેજ અપાતી ને પોષાતી રહે અને સાથે અર્થ–રહસ્ય ઠીક સમજાવવા પ્રયત્ન સેવાય તો તે હિતકર થાયજ, અને આજ કાલ જે ભયંકર ખામી નજરે પડે છે તેમાં સહેજે સુધારો થઈ શકે. કાવ્ય નાટકના સંબંધમાં જૈન સાહિત્ય ઓછું તો ન લેખાય; ફક્ત પ્રમાદવશ જીવો તેનો લાભ લહી નથી શકતા. નકામી જગત કથા વધારી મૂકવાથી અમૃત સમાન તે સાહિત્યનો રસાસ્વાદ લઈ શકાતો નથી. જૈન શાસનની કિંમતી સેવા ભક્તિ કરવા ઇછતા સજ્જન ભાઈ બ્હેનોએ હવે પ્રમાદ–મોહાદિક તજી જાગ્રત થવું જોઇએ. જાતે યથાશક્તિ ને યથામતિ અભ્યાસ કરતા રહી આપણી પ્રજાને જરૂર શુભ અભ્યાસમાં જોડવી જોઇએ, તે વગર તો રસશૂન્યતા થતી શી રીતે અટકશે ? આપણે કશુંજ કરી ન શકીએ એવા નમાલા બની બેસવું ન જ જોઇએ, સહેજે મળેલા કિંમતી વારસાને સંભાળીને સાચવી રાખવા સહુએ કંઇન કંઇ સદ્ ઉદ્યમ સેવવોજ જોઇએ; વક્તૃત્વ કળામાં પણ અત્યારે આપણી

કચાશ કબુલ કર્યા વગર ચાલશે નહીં. એ કળા ખીલવવાની પણ જરૂર ખરી, કેમકે એ દ્વારા જૈન સિદ્ધાન્તોનો બહોળો પ્રચાર થઇ શકે. સુસંયમ યોગે જેની વાચા-વાણીમાં ખરૂં સત્ય હોય છે તેને સાંભળવા ને તેમાંથી તત્ત્વ મેળવી લેવા તત્ત્વજિજ્ઞાસુઓ તત્પર હોય છે.

ભાઇ પરમાનંદને આધુનિક જૈનોમાં 'કળા-દૃષ્ટિથી' જે જે ખામી-અપૂર્ણતા સમજાઇ છે તેની સુધારણા માટે વ્યવહારૂ (તત્કાળ આચરી-અમલમાં મૂકી શકાય) એવા ઉપાયો પણ તેમણે છેવટે ઉપસંહાર કરતાં સાથેજ આમેજ કરી બતાવ્યા છે, તેનું બારીક અવલોકન કરી જોતાં શાસનપ્રેમી સજ્જનોને જે કંઈ હિત ને સત્યરૂપે પ્રતિત (ખાત્રી) થાય તેનો તો સંકોચ રહિત સ્વીકાર કરવો ઘટે, અને જેમાં અવ્યવહારૂતા સમજાય તે સંબંધી ઘટતો ઉહાપોહ કરી તેનો યોગ્ય નિર્ણય કરી લેવો ઘટે. પર્વ ઉજવવાની બાબતમાં તેના પવિત્ર હેતુ તરફ ભાગ્યેજ ઘટતું લક્ષ અપાય છે. ઘણે ભાગે તો ગતાનુગતિકતા દેખાઈ આવે છે. ખાસ ઉપદેશક લેખાતા સાધુ સાધ્વીઓ વિગેરેની એ ફરજ છે કે તેઓ તેની સાર્થકતા થઇ શકે એવી કર્તવ્ય દિશાનું તેમને સ્પષ્ટ ભાન કરાવે. આપણામાં પર્યુષણાદિક અનેક ઉત્તમ પર્વો નિર્માણ થયેલાં છે. તેમાં પણ ઉપરની ટાપટીપ (વસ્ત્ર શૃંગાર) તરફ જેટલું લોક વલણ દેખાય છે તેટલું પરમાર્થ સાધન તરફ ભાગ્યેજ દેખાય છે. તે થાય તેવો શુભ પ્રયત્ન કરવો ઘટે છે. પરમ જ્ઞાનીનાં એકાંત હિતવચનો હૈયે ધરી છતી શક્તિ ગોપવ્યા વગર તેનું પાલન કરવા ઉજમાળ બનવાથીજ તેની સફળતા છે. પરમ પવિત્ર આદર્શરૂપ મહાવીર પ્રભુનું સવિસ્તર ચરિત્ર વખતોવખત શ્રવણે સાંભળ્યા છતાં આપણામાં જડ ઘાલી રહેલી નબળાઈ-નામર્દાઇને લઇને જે જે રાગ દ્વેષાદિક દુષ્ટ દોષો ઘુસી ગયા છે તેમને દૂર કરવા કેમ જાગ્રત ન થઈએ ? એક સાથે સઘળા નહીં તો બની શકે તેટલા દોષોને તજીનેજ કેમ **વીર જયંતી** ન ઉજવીએ ? અને વીરનિર્વાણરૂપ દીવાળી પર્વનું આરાધન કરીને મોક્ષસાધનરૂપ રત્નત્રયીને કેમ ન અજવાળીએ ? નકામાં ચુંથણાં ચુંથવાનું કુવ્યસન તજી, કંઇ હિત માર્ગ આદર્યેજ કલ્યાણ છે.

પરમાનંદ ભાઈ ઇચ્છે છે તેમ આપણામાં જૂદી જૂદી અવસ્થાનુંજ સ્પષ્ટ ભાન કરાવનારી જિનપ્રતિમાઓ નિર્માણ કરાવવાની રીતિ દીસતી નથી, પરંતુ પ્રાયઃ એકજ જિનપ્રતિમા દ્વારા પ્રભુની જૂદી જૂદી અવસ્થા ભાવી લેવાની રીતિ દીસે છે. **દેવવંદન ભાષ્યમાં** કે **પ્રવચન સારોદ્ધાર**માં આવો ઉલ્લેખ મળશે, તેથી ઉપરની વાતનું સમર્થન થઇ શકશે. તેમાં મુખ્યપણે **છદ્મસ્થ, કેવળી** અને **નિર્વાણ** એ ત્રણ અવસ્થા અનુક્રમે સ્નાન અર્ચનાદિ ઉપચાર વડે, પ્રાતિહાર્ય સંપદાવડે તથા પર્યંક કે કાઉસ્સગ્ગ મુદ્રાવડે ભાવવાનું જ-

ણાવેલ છે. બાકી કોઇ કોઇ સ્થળે વર્તમાન ચોવીશીમાં થયેલ સર્વ તીર્થંકરની માતાઓ બાળ પ્રભુને ઉત્સંગમાં રાખી રહેલી છે એવા કોરેલા શીલાપટ્ટો તો કઇક સ્થળે નજરે પડી શકે છે.

પ્રભુના લલાટમાં તિલક ચોડવાના સમર્થનમાં અષ્ટાપદ ઉપર પ્રથમ દમયંતીના જીવે રત્નમય તિલકો ચોડેલા જણાય છે. ત્યાં એક નવો પ્રશ્ન ઉઠે છે કે ત્યારે શું પ્રથમ ભરત મહારાજાએ કરાવેલ રત્નમય સર્વ જિનબિંબોમાં તેવી કંઈ ન્યૂનતા રહી હશે ? એમ તો ધૃષ્ટતા ધારી કોણ કહી શકે ? તેમ છતાં કોઇ બહુશ્રુત તે બાબતનો સહુને ગળે ઉતરે એવો સશાસ્ત્ર ખુલાસો તેમની જાણમાં હોય તે કરી શકે, જેથી એવી સહજ શંકાને સ્થાન રહેવા ન પામે. બાકી કપાળમાં આડ અને નવઅંગીયા વિગેરે પ્રભુના અંગે ચોડવાની પ્રથા આધુનિક (નવી) લાગે છે અને તે જોખમભરી પણ છે. જોખમભરી એટલા માટે કે બીજા બહુમૂલાં આભૂષણો પ્રભુના અંગે નજ ચડાવાતાં હોય તો છેવટે ઉક્ત આડ અને અંગીયા પણ ચોરી ઉખેડી લેવાના લોભથી કઇક સ્થળે ભારે આશાતનાઓ અનેકવાર થયેલી અને થતી સંભળાય છે. વળી પ્રભુના અંગે પ્રથમ પૂજા થયા બાદ પ્રાયે રૂપાનું ખોળું ચઢાવવાની રીતિ કઇક સ્થળે દેખાદેખીથી દાખલ થયેલી છે, તે પણ વાસ્તવિક-ઠીક નથી. એક તો પ્રભુનું હળજ ઘસાઇ ક્ષીણ થવા પામે અને બીજું પછીના પૂજા કરવા ઇચ્છતા ભાઇ બ્હેનોને અસંતોષ રહ્યા કરે. શ્રીવચ્છાદિકની સ્વાભાવિક રચના યથાયોગ્ય હોય છે. જે તેના ઉપર નવું ખોળીચું બેસાડવાથી તે ભાગ ક્યારે ઉપસતો દેખાય છે, તેનું બારીકતાથી અવલોકન કરનાર જૈનેતરો કયારેક પૃચ્છા કરે ત્યારે સમાધાન કરતાં ઉલટી મુશ્કેલી પડે, તેમ કરવાની શી જરૂર ? ભોળા લોકો કહેશે કે એ બધું ભક્તિ ને શોભા નિમિત્તે થાય છે, પણ તેમાં ભક્તિના મિષે આશાતના ન થાય તેટલી સંભાળ જરૂર રાખવી ઘટે છે. વળી જ્યાં જ્યાં ઉપલી દરેક ઉપચારાદિક વસ્તુ ચોંટાડવામાં આવે છે. ત્યાં આજકાલ વપરાતી વાળાકુંચી એટલી બધી જોરથી ઘસવામાં આવે છે કે તે તે આડ અંગીયાદિક ઉખડી જાય છે, ત્યારે તેની નીચે લગાવેલ રાળના ડાઘ અને થેથા રહી જાય છે, તે દર્શન કરનારને ઉલટો ખેદ ઉપજાવે છે. વાળાકુંચીનો આટલો સખ્ત ઉપયોગ કોણે, કયારથી, કેમ શરૂ કર્યો તેનું ખરૂં રહસ્ય કોણ બતાવી શકે ? આપણા શરીરે તો તેથી જરૂર ઉજરડા પડે છે અને લોહી પણ નિકળે છે. પ્રભુપ્રતિમાને પ્રભુસમી સાચી રીતે સમજનારા આવી રીતિને કેમ પસંદ કરી શકે ? મને તો લાગે છે અને પૂજારીઓ પણ કહે છે કે-'કેશરના થથેડા પ્રભુના અંગે લોકો કરે છે તે વાળાકુંચી વગર સાફ થઇ શકતા નથી.' તેના બદલે શાસ્ત્ર-આગમોક્ત વિધિ મુજબ ઉત્તમ પ્રકારના

ચંદનનું વિલેપનજ પ્રભુના સર્વાંગે કરવાનું ધોરણ સર્વત્ર દાખલ કરવામાં આવે તો આ બધો નકામો ઝગડો આપોઆપ મટી જાય. ચંદનના લેપવાળા જિનબિંબ ઉપર જળવતી અભિષેક કરતાં વસ્ત્રનાં પોતાથી કે સહેજેજ ચંદન દ્રવી જાય છે. એ રીતિજ ઠીક સ્વાભાવિક લાગે છે, અને એથી બીજી અનેક આશાતનાઓ જે વિદેશી ભ્રષ્ટ કેશરને લઇ ઉભી થાય છે તે પણ આપોઆપ શમી–શાન્ત થઇ જાય છે. આ ઉપયોગી અને વ્યવહારૂ વાત તરફ કઇક સ્થળનાં ભાવિક શ્રાવકોનું લક્ષ જવાથી સ્થાનિક સુધારો થયેલો સંભળાય છે ખરો, પણ આપણી બહોળી સમાજમાં મોટે ભાગે વિચારજડતા કે શૂન્યતા એટલી બધી વ્યાપી ગઇ છે કે પોતાને આદરવું ઇષ્ટ હોય છતાં તે આદરતાં સહેજ સંકોચાય છે. તેમાં પણ કેટલાએક નિઃસ્વાર્થ (?) વૃત્તિના સાધુ પુરૂષો તરફથી તેવી સીધી વ્યવહારૂ અને આગમોક્ત વાતને પણ એક ભારે ચર્ચાનું રૂપ મળતાં કઇક શ્રમણોપાસકો (?) તો તેમાં બતાવેલા ભયથી થરથરી જાય છે. મને લાગે છે કે લાભાલાભનો–ગુણદોષનો પૂરતો વિચાર કરીને સુજ્ઞ શ્રાવકો પ્રભુભક્તિ માટે જે શકય અને હિત માર્ગ પસંદ કરી લે તેમાં નકામું માથું મારી તેમને જેમ તેમ આડુંઅવળું સમજાવવા મથવું એ કામ સાચા શાસનપ્રેમી અને સમાજહિતૈષી સાધુજનોનું નથી. તેમ છતાં ઉદયવશાત્ જેમને જેમ રૂચે તેમ તેઓ કરી શકે છે, પરંતુ તેથી સમાજમાં ભારે વિક્ષોભ પેદા થવા પામે છે, નકામો કાળક્ષેપ થાય છે ને એકબીજાની નિંદા કહો કે અંગત આક્ષેપ કરવાના અનેક પ્રસંગો બને છે, તેમાંથી ઉગરી જવા ઇચ્છનારા સુજ્ઞ ભાઇ બ્હેનોએ બધી બાબતમાં બીજા ઉપરજ અંધશ્રદ્ધા રાખી રહેવા કરતાં જાતેજ હિતાહિતને કર્તવ્યાકર્તવ્યનો પૂરતો વિચાર કરીને શંકાસમાધાન કરી લઇને દૃઢ નિશ્ચય કરી લેવો. એટલુંજ નહિ પણ પછી કોઇપણ વ્યક્તિ સ્વાર્થવશ પોતાના ખરા નિશ્ચયથી ડગાવવા ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ ડગવું નજ જોઇએ. આગળના વખતમાં કઇક તત્ત્વકુશળ શ્રાવકો અને શ્રાવિકાઓના દૃષ્ટાંત શાસ્ત્રપ્રસિદ્ધ છે. તેથી તેઓએ અત્યારે સાવ બુડથલ–અજ્ઞાન સ્થિતિમાં રહેવું નજ જોઇએ. તેમાં પણ કઇક બુદ્ધિ–પ્રતિભાશાળી પણ હોય છે. તેઓ ધારે તો સહેજે આગમોકત તત્ત્વરહસ્યને સમજી અવધારી નિશ્ચય કરી શકે. અત્યારે સાધુઓ–ભવભીરૂ સાધુઓની સંખ્યા બહુજ થોડી છે, ત્યારે તો બુદ્ધિ પ્રતિભાશાળી શ્રાવક શ્રાવિકાઓએ ખુબ જાગ્રત થઇને આગમોકત રહસ્યને સારી રીતે ગુરૂમુખે સમજી નિશ્ચય કરી લેવાની ભારે જરૂર છે. સદ્બુદ્ધિ પામ્યાનું ઉત્તમ ફળ પણ એજ છે. બુદ્ધિનો મદ કરી અભિનિવેશમાં પડી મુગ્ધ જનોને

આડે રસ્તે દોરી જવાથી તો ઉલટો સ્વપરને ભારે અનર્થજ થવા પામે છે. એવો ઉંધો ધંધો લઇ બેસવા જેવું એકે ભારે પાપ જણાતું નથી. એમ આનંદઘનજી મહારાજ જેવા અધ્યાત્મ જ્ઞાની પુરૂષો પોકારીને જણાવે છે. તેમ છતાં જો હૈયું ખુલે નહીં તો તે જીવની ભારે મુગ્ધતા કે કઠોરતા લેખાય. ખરા શાસનપ્રેમી જનોને શાસનસેવા કરવાના અનેક માર્ગો છે. તેમાંથી જે શક્ય ને રૂચિકર હોય તે યથાશક્તિ આદરી સ્વબુદ્ધિ શક્તિનો સુંદર ઉપયોગ કરી લેવો એજ હિતકર છે. હું પોતેજ અલ્પમતિ બીજા વિશાળ બુદ્ધિબળવાળાને શું કહી શકું ? ફક્ત કાચાપાચે કે પાયાવગર નકામી ગરમાગરમ ચર્ચા કરી, ખેંચતાણુમાં પડી બીજા અનેક મુગ્ધ પણ શાસનરૂચિવાળા ભાઈ બ્હેનોને મિથ્યા ભ્રમમાં દોરવાનું કે દોરાવાનું અટકે એવા શુભ આશયથીજ પ્રેરાઈ, એટલી અંગત જોખમદારી ઉઠાવીને પણ ઉપરોક્ત કહ્યું છે, તેમાંથી હંસની જેમ સાર ગ્રહી સર્વે બંધુઓ મને ઉપકૃત કરો. ઈતિશમ્.

(સ. ક. વિ.)

## મહાવીર પ્રભુની જયંતી કેમ ઉજવાય ?

વ્હાલા શાસનપ્રેમી ભાઇઓ અને બ્હેનો ! ઉપરનો પ્રશ્ન ભારે ગંભીર અને અર્થસૂચક છે; તેની તમે સહુ સરલ ભાવે તમારા અંતઃકરણનેજ પૂછી ખાત્રી કરશો. છતાં કોઇ પણ ખરો પ્રભુભક્ત તેનો ઉત્તર પૂછે તો તેને વળતું કહી શકાય કે–'મહાવીર પ્રભુના એકાંત હિતકર વચનામૃતો હૈયે ધરી યથાશક્તિ પણ દ્રઢતાથી તેમના પનોતે પગલે ચાલવાથી પ્રભુની જયંતી ઉજવી શકાય; પછી તે ભલે ત્યાગી સાધુ સાધ્વી હોય કે ગૃહસ્થ શ્રાવક શ્રાવિકા હોય, તેમાંનાં દરેક દરેકે કાયરતા, ખોટી દીનતા, ડરપોકતા તજી દઇને સત્ત્વશાળી–પુરૂષાતની બનવુંજ જોઇએ. પોતપોતામાં રહેલી ખામીઓ–શિથિલતા–પ્રમાદાદિક દૂર કરવા જાગ્રત થવુંજ જોઈએ, હવે આપણે નકામા વાયદા કર્યા કરી વખત ગાળવો નજ જોઇએ. જે ખરા હિતકર માર્ગે આપણું નિશ્ચિત હિત થવા ખાત્રી થાય તે માર્ગે શંકા અને સંકોચ રાખ્યા વગર ચાલવું જોઇએ; નકામા ચુંથણાં ચુંથવામાં અમૂલ્ય સમય વિતાવવો ન જોઈએ. આપણે સહુ સુખનેજ ચાહીએ છીએ ખરા; પરંતુ સુખપ્રાપ્તિનો માર્ગ આદરવામાં કેટલી ઢીલ–ઉપેક્ષા કરીએ છીએ ? આગળના સત્ત્વશાળી જીવો ભલે થોડુંજ કરતા તોપણ દ્રઢ ટેકથી જે કંઇ હિતરૂપ આદરતા તેને પાર પાડતા. આજ આપણે લોભવશ ઘણું કરવા મથીએ છીએ પણ પ્રમાણમાં સારૂં, હિતરૂપ બહુ થોડુંજ કરી શકીએ છીએ. પૂર્વલા જીવોનાં આયુષ્ય મોટાં હતાં અને તેમ છતાં તેઓ કરેલી

પ્રતિજ્ઞાને ઠેઠ સુધી નિભાવતા. અત્યારે આઉખાં ટુંકાં છે છતાં ઠેઠ સુધી ટેક બરાબર જાળવી શકાતી નથી. કંઇક સહુજ અડચણ નડતાં ડગી જવાય છે. હિત સાધવા ઇચ્છનાર ભાઇ બ્હેનોને તો એમ કરવું પાલવે નહિજ. ખરૂં સુખ મેળવવાનો માર્ગ વિકટ છતાં સતત્ અભ્યાસ અને વૈરાગ્ય યોગે સુલભ થાય છે. નીચે જણાવેલી હિતકર બાબતોને રૂચિપૂર્વક સહુએ આદરવી જોઇએ."

૧ સારી ખેડ કરવા ઇચ્છતો ખેડુત જેમ પહેલાં ક્ષેત્રમાંથી નકામાં જાળાં ઝાંખરા કાઢી નાંખી, જમીનને સાફ-ચોખી કરી નાખે છે તેમ આપણા અંતઃકરણમાં મુત્કળપણે જે જે દોષો-પાપવૃત્તિઓ પેદા થયેલ હોય તે સર્વને કાઢી નિર્મળ કરવાં પ્રથમ પ્રયત્ન કરવો જોઇએ.

૨ આપણી હૃદયભૂમિને એડી એવી સાફ-ચોખ્ખી-શુદ્ધ બનાવી લેવી જોઇએ કે તેમાં વિનય, વિવેક, દયા, ક્ષમા, સરલતા, સંતોષાદિક સદ્ગુણોરૂપી સદ્બીજોની વાવણી સહેજે થોડી મહેનતે ખીલી નીકળી અનંત લાભ આપી શકે. આળસ પ્રમાદ તજી, સાચો અવંચક પ્રયત્ન સેવવાથીજ એવું ઉત્તમ ફળ-પરિણામ નીપજાવી શકાય. સાચા મહાવીર સંતાનોને એમજ કરવું છાજે. જેનામાં અધિક વીર્ય-સામર્થ્ય હોય તે શુદ્ધ પ્રેમભાવથી પોતાનાં સ્વધર્મી જનોને યોગ્ય શક્તિ ધીરીને તેમને સચેત-જાગૃત કરે, ખરા શાસનપ્રેમી જનો સ્વાર્થાંધ નજ બને. તેઓ તો બને તેટલી નિઃસ્વાર્થપણે શાસનસેવા કરીનેજ સંતોષ માને. એવા શુદ્ધ શાસનપ્રેમી સજ્જનોનીજ બલિહારી છે. કેવળ સ્વાર્થાંધ શાસનદ્રોહી જનો તો ભૂમિને ભારભૂતજ બની બધી શુભ સામગ્રીને એળેજ ગુમાવી દે છે.

૩ સહુને આપણા આત્મા સમાન લેખી, અનુકૂળ આચરણથી સંતોષવા, સ્વાર્થાંધ બની પ્રતિકૂળ આચરણથી કોઇને પરિતાપ ઉપજાવવો નહીં.

૪ આપણાથી અધિક સુખી ને સદ્ગુણી જનોને દેખી દીલમાં રાજી થવું, લગારે ખેદાવું નહીં. આપણે પણ સુખી ને સદ્ગુણી બનવા બનતો યત્ન કરવો. આપણામાં જડ ઘાલી બેઠેલી અનેક પ્રકારની કુટેવો--કુચાલો છોડયેજ છુટકો છે.

૫ બીજાના અવગુણ સામું નહીં જોતાં, કેવળ ગુણ સામેજ દ્રષ્ટિ રાખવામાં હિત છે.

૬ આપણા વિચાર, વાણી અને આચારને જેમ બને તેમ શુદ્ધ-નિર્દોષજ બનાવવા.

૭ મન, ઇન્દ્રિય, કષાય અને પાપયોગનો નિગ્રહ કરી સાવધાનપણે સ્વપરહિત સાધી લેવું.

ઇતિશમ્

(સ. ક. વિ.)

## સુજ્ઞ ભાઇ બ્હેનોએ શાન્તિથી વિચાર કરી સત્ય તત્ત્વનોજ સ્વીકાર કરવાની જરૂર.

૧ કપાળમાં કેશરનો ચાંદલો( તીલક )કરનારને તે જગોએ લાંબે વખતે એવો કાળો ડાઘ પડી રહે છે કે તે સ્પષ્ટ રીતે દેખી શકાય છે. એટલી ચામડી કેશરની ગરમીથીજ કાળી ન પડતી હોય તો બીજા શા કારણથી કાળી (દગ્ધ જેવી થઇ પડેલી ) જણાય છે તેનો વિચાર કરવો ઘટે છે. જો ખુદ કેશરમાં તેવી ગરમી કરવાનો સ્વભાવ માનવા મન નાકબુલ થતું હોય તો તે કેશરમાં તેજાબ જેવી કોઇ તીક્ષ્ણ ગરમ અને અનિષ્ઠ વસ્તુનું મિશ્રણ થતું કે થયેલું તો વગર આનાકાનીએ માનવુંજ પડશે.

૨ પ્રભુની પ્રતિમાને અંગે સોનારૂપાદિક ધાતુના ચાંડલા ચોડવાનો રીવાજ થોડાંક વર્ષોથીજ પ્રચલિત થયેલો સુપ્રસિદ્ધ છે. તેમજ કઇંક સ્થળે પહેલી પૂજા કર્યા બાદ તરત ચાંદીનું ખોળું ચડાવી દેવાનો રીવાજ શરૂ થયેલ જોવાય છે; તેથી સમજી શકાય છે કે જોતજોતામાં ગમે તેવું કેશર વધારે પ્રમાણમાં પૂજા પ્રસંગે વાપરવાનું શરૂ થયું ત્યારેજ એ બધી ઉપાધિ આદરવી પડી છે. પ્રભુના અંગે વિલેપન પૂજા કરવાથી જે આત્મસંતોષ થાય તે કેવળ ચાંડલાં કે ખોળા ઉપરજ કરવાથી થઈ શકે ખરો ? તેમ છતાં એ બધું લગભગ ફરજીયાત થઇ ગયું છે.

૩ જુલમી ને ધર્માંધ રાજાઓનાં વખતમાં ભય-ત્રાસથી કંટાળીને સેંકડો ગમે જિનબિંબો ભૂમિમાં પધરાવી દેવામાં આવેલા; અત્યારે જ્યારે પ્રગટ થાય છે, ત્યારે તેમાંના કોઇ પ્રભુના અંગે તેવા ધાતુના ચાંદલા કે ખોળાં ચઢાવેલા જોવા-જાણવામાં અદ્યાપિ આવ્યા કે આવતા નથી. તે શું પૂરવાર કરે છે ? તે સહૃદય સજ્જનોએ વિચારવું ઘટે છે.

૪ કોઇ પણ ભૂમિમાંથી પ્રગટ થતા જિનબિંબાદિકના અંગે મૂળ સ્વાભાવિક આકૃતિ ઉપરાંત ધાતુનિષ્પન્ન શ્રીવચ્છ ને બિંબી પ્રમુખ ચોડેલાં જોવા-જાણવામાં આવેલ છે ?

૫ તેમજ જડાવ તંબોળ વિગેરે બાળ જીવોએ બીજી ઉપરલી કઇંક વસ્તુઓ સાથે ક્યાંક ક્યાંક દાખલ કરી દીધેલ જણાય છે. એ બધું ક્યાં ને કેટલું સાધક બાધક છે તેનો ખ્યાલ સરખો પણ એવા બાળ જીવોને ભાગ્યેજ હોઇ શકે.

૬ બાળ જીવોએ ગમે તેવી ભક્તિની ધૂનમાં જે કંઇ મન ગમતું દાખલ કરી દીધું હોય તે બધું ગડ્ડરિક પ્રવાહે બધાય કાયમ નભાવ્યે જાય એ કેવું અને કેટલું અવિવેક ભર્યું લેખાય ?

૭ પ્રભુ દર્શન, પૂજા ને સ્તવનોનો યથાર્થ વિધિ પણ વિરલા જાણતા હોય છે, તેથી થોડાજ તે પ્રમાણે આચરતા હોય છે; અને બીજા બાળ-અજ્ઞાન જીવોને તેનો યથાર્થ વિધિ શાન્તિથી સમજાવી આદર કરાવવા જેવો સફળ પ્રયત્ન તો ઘણાજ થોડા કરતા હોય છે. એથીજ જ્યાં ત્યાં અવિધિ દોષ પ્રગટપણે સેવાતો જોવાય છે, છતાં તેની દરકાર કોણ કરે છે? આજકાલ લેખાતા ઉપદેશકો પણ પોતપોતાની ધૂન પ્રમાણે ઉપદેશ આપતા હોય છે. ખાસ સમયાનુસારી જરૂરનો બોધ આપી, બાળજીવોને યથાર્થ માર્ગે ચઢાવવાની દરકાર ભાગ્યેજ કરવામાં આવે છે, તેથીજ પ્રાયઃ ગડ્ડરિક પ્રવાહ વધારે વહેતો રહે છે.

૮ જે જિનેશ્વર ભગવાનનાં દર્શનાદિક કરવા જાય છે, તેમનેજ પુંઠ દઈ પાછાં વળતાં કેટલાં બધાં મુગ્ધ ભાઈ બ્હેનો નજરે પડે છે? વિવેકથી દેરાસરની અંદર પાડેલાં બે બાજુનાં બારણામાંથી નીકળવાની દરકાર સહુ સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકાએ કાયમ રાખવી ઘટે છે.

૯ એનસાઈકલોપીડીયા નામના ઇંગ્રેજી ગ્રંથમાં પ્રસિદ્ધ થયેલ જુનો ઇંગ્રેજી લેખ વાંચી સમજી શકનારની ખાત્રી બેશક થવીજ જોઇએ કે અનેક અસ્પૃશ્ય અનિષ્ટ વસ્તુઓનું જેમાં સંકોચ રહિત મિશ્રણ થયા કરતું હોય તેવું વિદેશી કેશર અને શુદ્ધ સ્વદેશી કાશ્મીરી કેશરના નામે જેમાં પારાવાર દગો ચાલી રહ્યો છે તેવું અશુદ્ધ ને બનાવટી નમાલું કેશર આપણાથી પ્રભુપૂજા પ્રસંગે વાપરી શકાયજ કેમ? જેમને પોતાને કેશરમાં થતી ભ્રષ્ટતાની ખાત્રી થઇ હોય તેમની સ્પષ્ટ ફરજ છે કે બીજા અનેક લેભાગુઓ આપણા માટે શું બોલશે તેની કશી દરકાર રાખ્યા વગર પોતાના અંતઃકરણનેજ સાક્ષી રાખીને, જેવીને તેવી સત્ય હકીકત પોતાને સ્પષ્ટ સમજાઇ હોય તેની ખાત્રી કરી જનોની આગળ રજુ કરીને સમજાવી તેમને ખરા માર્ગે દોરવા પ્રયત્ન કરવો.

૧૦ દારૂ—તેજાબ ને માંસ જેવી દુગંછનિક અસ્પૃશ્ય વસ્તુઓ ને આપણે જાતે ન આદરીએ તેવી નિન્દનિક વસ્તુઓના મિશ્રણવાળું વિદેશી કેશર તેમજ શુદ્ધ સ્વદેશી કેશરના નામે જેમાં ભારે દગલબાજી ચાલી રહેલી વસ્તેજ લેબોરેટરીમાં નિઃસ્વાર્થ ભાવે તપાસ કરી જાહેર કરનાર પારેખ મૂળચંદ ઉત્તમચંદ સ્પષ્ટપણે 'પ્રકાશ'માં જણાવે છે તેવું નામનુંજ સ્વદેશી (કાશ્મીરી) કેશર પણ પ્રભુના અંગે કેવળ ગાડરિયા પ્રવાહે ચઢાવ્યા કરવું વ્યાજબી લેખાય નહીંજ. તેમ છતાં જ્યાં ત્યાં નકામો શોરબકોર કરી મુગ્ધ લોકોને આડું અવળું સમજાવી પકડેલું ગદ્ધાપુંછ ઝાલી રાખવા પરાણે ફરજ પાડવામાં આવે છે. તેવો ખોટો આગ્રહ—કદાગ્રહ કરનારા પોતાનાજ ખાનપાનમાં એવી ભ્રષ્ટ વસ્તુઓની સેળભેળ થાય તો તે ચલાવી લેવાનું પસંદ કરશે ખરા કે? નહીંજ.

૧૧ અનેક મૂળ આગમો કહો કે સૂત્રોમાં કેવળ ઊંચા પ્રકારના ચંદનનુંજ વિલેપન કરવાનું દીવા જેવું સ્પષ્ટ જણાવવામાં ક્યારનું આવ્યું છે, તો પછી આજકાલ બહુધા મળી શકતું ભ્રષ્ટ અને બનાવટી નમાલું કેશર પ્રભુના અંગે વાપરવા મુગ્ધજનોને નકામો આગ્રહ કરવો એ અમારે મન તો આત્મદ્રોહ કે ધર્મદ્રોહ સમાન જણાય છે. નકામી ખેંચતાણ કરીને લોકોને ભમાવવા ને ધર્મની હાંસી કરાવવી એ ખરેખર લજ્જાસ્પદ છે. પ્રભુપૂજા અંગે ગમે તેવી અણુમોલી પવિત્ર વસ્તુનો મોહ ઉતારવા સંકોચ કરવો નજ ઘટે. પરંતુ જ્યાં તેવી પવિત્ર વસ્તુજ મળી ન શકે અથવા કદાચ ક્યાંક થોડી ઘણી મળી શકતી હોય તો તે તેના મૂળ રૂપમાં જળવાઇ રહેલી શુદ્ધ વસ્તુ તેવી પૂર્ણ કાળજીથી મેળવવાની દરકારજ ન કરાય અને નકામી ધમાલ કે ભ્રમણા ઉપજાવવામાંજ બધી શક્તિનો દુર્વ્યય કરાય તે તો ખરેખર અક્ષમ્ય ને અસહ્યજ લેખાય. નકામી ખોટી ધમાલ મચાવીને પોતે પવિત્ર ધર્મની રક્ષા કરતા હોય તેવો દાવો કરનાર પોતેજ પોતાને દયાજનક સ્થિતિમાં મૂકતા લાગે છે. ડુંગર જેવડી પોતાની ભૂલ પોતાને જણાતી નથી અને એ ભૂલ ભાંગવા ખરા પ્રેમથી સમજાવવા જનારને ઉલટા ખરાબ દેખાડવાનો નિર્બળ પ્રયત્ન કરવામાં આવે છે. જ્યાંસુધી જીવને અંતરલક્ષથી પોતાની ભૂલ જોવાની ને સુધારવાની દરકાર ન થવા પામે ત્યાં સુધી બાહ્ય દ્રષ્ટિથી બીજાના ગુણને દોષરૂપ અને પોતાના દોષને ગુણરૂપ માનવારૂપ મિથ્યાત્વ યા બુદ્ધિવિપર્યાસજ થવા પામે. આવી ભ્રમણા ભાંગી યથાર્થ તત્ત્વનું ભાન અને શ્રદ્ધાન થવા પૂર્વક તેનો આદર કરવા દરેક ભવ્યાત્મા ઉજમાળ બને એ અત્યંત ઇચ્છવા યોગ્ય છે. ઈતિશમ્.

સ. ક. વિ.

## આરોગ્ય સાચવવા સંબંધી સહુએ થોડી ઘણી સમજ રાખવાની જરૂર.

શરીરને તથા મનને નીરોગી–અવિકારી–સ્વસ્થ સાચવી રાખવા માટે આપણને શુદ્ધ હવા પાણી અને ખોરાકની જરૂર પડે છે. તેમાં બેદરકારી કે ઉપેક્ષા કરવાથી આપણી તબીયત લથડે છે–બગડે છે તેથી આપણે માંદા પડી, ચિન્તાગ્રસ્ત બની, બીજાને પણ ચિન્તામાં પાડીએ છીએ. તેથી પ્રથમઆજ સ્વ આરોગ્ય જાળવી રાખવા આપણે સહુએ પૂરતી કાળજી રાખવાની જરૂર છે.

સેંકડે નવ્વાણું ટકાથી ઉપરાંત માંદગીનું કારણ તો ખરાબ-ઝેરી હવા છે.

રોગ કે માંદગીને ટાળવાનો સરસ ઉપાય શુદ્ધ (ચોખી) હવા છે.

શુદ્ધ હવાની જેમ શુદ્ધ જળની પણ જીવન માટે ભારે જરૂર છે.

( અપૂર્ણ. )

## છુટક પત્ર પરથી સોળ વિદ્યાદેવીઓના વર્ણ, વાહન, શસ્ત્રાદિ.

૧ **રોહિણી**—ધવળવર્ણ, સુરભિ[1]વાહન, ચાર ભુજા, બે દક્ષિણ હાથમાં અક્ષસૂત્ર[2] ને બાણ, બે ડાબી ભુજામાં શંખ ને ધનુષ્ય.

૨ **પ્રજ્ઞપ્તિ**—શ્વેતવર્ણ, મયુરવાહન, ચાર ભુજા, બે દક્ષિણ હાથમાં વરદ ને શક્તિ ને બે ડાબી ભુજામાં માતુલિંગ[3] ને શક્તિ.[4]

૩ **વજ્રશૃંખલા**—શંખ જેવો ઉજ્વળ વર્ણ, પદ્મવાહન, ચાર ભુજા, બે દક્ષિણ ભુજામાં વરદ ને શૃંખલા[5] ને બે વામ ભુજામાં પદ્મ ને શૃંખલા.

૪ **વજ્રાંકુશી**—શ્વેત કનકવર્ણ, ગજવાહન, ચાર ભુજા, બે દક્ષિણ ભુજામાં વરદ ને વજ્ર, બે વામ ભુજામાં માતુલિંગ* ને અંકુશ.

૫ **અપ્રતિચક્રા**—તડિત્[6]વર્ણ, ગરૂડવાહન, ચાર ભુજા, ચારેમાં ચક્ર.

૬ **પુરૂષદત્તા**—કનકજેવી ઉજ્વળ,[7] મહિષી[8]નું વાહન, ચાર ભુજા, બે દક્ષિણ ભુજામાં વરદ ને અશી, બે ડાબી ભુજામાં માતુલિંગ ને ખેટક.§

૭ **કાળી**—કૃષ્ણવર્ણ, પદ્મવાહન, ચાર ભુજા, બે જમણી ભુજામાં અક્ષસૂત્ર ને ગદા, બે ડાબી ભુજામાં વજ્ર ને આલય.[9]

૮ **મહાકાળી**—તમાલ જેવો ( શ્યામ ) વર્ણ, પુરૂષવાહન, ચાર ભુજા, અક્ષસૂત્ર ને વજ્રયુક્ત બે દક્ષિણ ભુજા, ને અભય† ને ઘંટાયુક્ત બે વામ ભુજા.

૯ **ગૌરી**—કનક સમાન ગૌરવર્ણ, ગોધાનું વાહન, ચાર ભુજા, બે દક્ષિણ ભુજામાં વરદ ને મુ(શૂ)લ‡ બે વામ ભુજામાં અક્ષમાળા ને કુવલય.

૧૦ **ગાંધારી**—નીલવર્ણ, કમળાસન, ચાર ભુજા, બે જમણી ભુજામાં વરદ ને મુશળ, બે ડાબી ભુજામાં અભય ને કુલિશ[10]

૧૧ **સર્વાસ્ત્રા મહાજ્વાળા**—ધવળવર્ણ, વરાહવાહન, અનેક શસ્ત્રો યુક્ત હાથ.[11]

૧૨ **માનવી**—દેદીપ્યમાન શ્યામવર્ણ, કમળાસન, ચાર ભુજા, બે જમણી ભુજામાં વરદ ને પાશ, બે ડાબી ભુજામાં અક્ષસૂત્ર ને વિટપ.[12]

૧૩ **વૈરોટયા**—શ્યામવર્ણ, અજગરવાહન, ચાર ભુજા, બે દક્ષિણ ભુજામાં ખડ્ગ ને ઉરગ, બે વામ ભુજામાં ખેટક ને અહિ.

---

૧-ગાય. ૨-માળા. ૩-બીજોરૂં. ૪-શક્તિ બે વાર છે. ૫-સાંકળ. * બીજોરૂં. ૬-વીજળી જેવો. ૭-ઉજ્વળ સોનું હોય છે. ૮-ભેંશ. § ધનુષ્ય. ૯-સમજાણું નથી. † ફળ વિશેષ. ‡ સમજાણું નથી. ૧૦-વજ્ર. ૧૧-કેટલી ભુજા તે લખ્યું નથી. ૧૨-સમજાણું નથી.

૧૪ અચ્છુપ્તા—તડિત્વર્ણ, તુરગવાહન, ચાર ભુજા, બે દક્ષિણ ભુજામાં ખડ્ગ ને બાણ, બે વામ ભુજામાં ધનુ ને ખેટક.

૧૫ માનસી[B]—ધવળવર્ણ, હંસવાહન, ચાર ભુજા, બે દક્ષિણ ભુજામાં વરદ ને વજ્ર, બે વામ ભુજામાં અક્ષવલય ને અશનિ.

૧૬ મહામાનસી[C]—ધવળવર્ણ, સિંહવાહન, ચાર ભુજા, બે દક્ષિણ ભુજામાં વરદ ને અસિ, બે વામ ભુજામાં કુંડિકા ને ફલક.

સોળ વિદ્યાદેવી પૈકી શોભન સ્તુતિમાં વૈરોટ્યા નથી, બાકી પંદર નામ છે.

## આરોગ્ય સાચવવા સંબંધી સહુએ થોડી ઘણી સમજ રાખવાની જરૂર.

( પૃષ્ટ ૪૭ થી ચાલુ )

જ્યાં ત્યાં પેશાબ કરવાથી કે મળ ત્યાગ કરવાથી, થુંકવાથી કે નાકનો મળ છાંડવાથી હવા ઝેરી–અશુદ્ધ બને છે. તેમાં જંતુઓ ઉત્પન્ન થઇ નુકશાન કરે છે. તેમાં પણ ક્ષયરોગી જેવાથી વધારે ચેતતા રહેવું જોઇએ, કેમકે તેના ઝેરી જંતુવાળા મળવડે મલીન થયેલી હવાથી કઇકને તેવા રોગનો ચેપ લાગવા સંભવ રહે છે. તે તે મળને તજી કાળજી રાખી રેત કે રખ્યાદિકથી ઢાંકી દેવાય તો તેવી હાનિ કે નુકશાન સ્વપરને કરી શકતાં નથી.

કોહેલી કે કોહી જાય એવી વસ્તુ ખુલ્લી જ્યાં ત્યાં ફેંકવાની આદતથી હવામાં બીગાડો થઇને નુકશાન કરે છે.

હવા નહીં બગાડતાં ને શુદ્ધ હવા લેતાં આપણે શીખી લઈએ તો ઘણા રોગોથી આપણે સહેજે બચી જઇએ.

શુદ્ધ હવા લેવાની જેટલી જરૂર છે તેટલીજ જરૂર ખુબ પ્રકાશ–અજવાળાની પણ છે. તેથીજ દિવસે કે રાત્રે બધા બારી બારણાં બંધ કરી નહીં દેતાં બને તેટલાં ખુલ્લાંજ રાખવાં લાભકારી છે. સુતી વેળાએ ચોખ્ખી હવા મેળવવા નાકને ઢાંકી નહીં રાખતાં ખુલ્લુંજ રાખવાની જરૂર છે.

શુદ્ધ હવા ને પ્રકાશની અસર જીવન ઉપર ભારે ફાયદાકારક જાણી કોઈ રીતે ગમે તેવા મંદવાડમાં પણ ખોટા વહેમને વશ નહીં થતાં તેનો લાભ લેવો ઘટે છે.

ખુબ ઉકાળ્યા પછી ઠારેલું પાણી બરાબર ગાળીને વાપરવું સર્વોત્તમ લેખાય. એથી અનેક જાતના વ્યાધિઓ દૂર થઇ શકે છે. અશુદ્ધ જળ પીવાથી નવા રોગ પેદા થાય છે. ( અપૂર્ણ )

B શોભન સ્તુતિ, કાવ્ય ૮ મું. જલદાભિ ( વીજળી ) વર્ણ.
C કાવ્ય ૨૮ મું, પીત્તળ જેવો વર્ણ છે.

# જ્ઞાનોદય સોસાઈટીવાળી પહેલી બીજી ચોપડીની સમાલોચના.

જૈનશાળાઓમાં બાળકોને પદ્ધતિસર ધાર્મિક જ્ઞાન મળે, રસ વગરની ગોખણુ પદ્ધતિ દૂર થાય અને તેઓ સુસંસ્કારી તથા નીતિમાન બને, એ હેતુની સિદ્ધિ અર્થે શ્રી મહાવીર જૈન જ્ઞાનોદય સોસાઇટી (રાજકોટ અને મુંબઈ) તરફથી જૈન શિક્ષણમાળાને અંગે હાલમાંજ બહાર પડેલી પહેલી અને બીજી ચોપડીઓ મારા વાંચવામાં આવી. આવોજ પ્રયાસ શ્રી મ્હેસાણા જૈન શ્રેયસ્કર મંડળ તરફથી ચાલુ છે અને તેનું પરિણામ બાળપોથીથી શરૂ થઈ ત્રીજી ચોપડી સુધી ચાર બુકના રૂપમાં અનુમાન બે માસમાંજ બહાર પડશે. વગર આમંત્રણે પણ આ અવલોકન લખવાનો મારો આશય એટલોજ છે કે બાળ સાહિત્ય કેવું હોવું જોઇએ, તે કોઈ અંશે બતાવવું અને હિત-બુદ્ધિથી આ બે બુકોના વિષયો ઉપર ચર્ચા કરવી જેથી સોસાઈટી ઈચ્છે તો તે ઉપર ધ્યાન આપી શકે.

આ બુકોમાં શરૂઆતના ત્રણ વિષય (જ્ઞાન, આચાર અને નીતિ) શ્રીયુત્ પંડિત લાલનના લખેલા લેવામાં આવ્યા છે. રા. પંડિત આ વિષયોમાં ઘણા ઉંડા ઉતર્યા છે પણ ભાષા અને વિચારોમાં બાલોચિત સરળતા તેઓ લાવી શકયા નથી. તેથી તે ભણનારને કઠિન થઈ પડે તેમ છે.

ચોથો વિષય મહાવીરનાં વચનામૃતોને લગતો છે. અલબત્ત આ બધા સુવાકયો સૂત્રોમાંથી ઉદ્ધરીને મૂકાયાં છે તેથી સુંદર અને ભાવપૂર્ણ છે. મૂર્ત્તિ પૂજક શ્વેતાંબર શ્રાવકવર્ગને તો સૂત્રો ભણવાનો અધિકાર નથી પણ સ્થા-નકવાસી સંપ્રદાય એ બાબતમાં વાંધો ગણતા નથી. એની ચર્ચામાં ન ઉતરતાં એટલું તો વિચારવા જેવું થઇ પડે છે કે ગંભીર અર્થથી ભરેલાં આગમ વાકયો ન્હાનાં બાળકોના હાથમાં કેમ મૂકી શકાય? એઓની યોગ્યતા કેટલી? અધિકાર શો? જેઓને શરીર, વસ્ત્ર કે સ્થાનની પવિત્રતાનું ભાન નથી તેવી સ્થિતિમાં તેઓ તે સૂત્રવાકયો બોલે, ગોખે તો આગમની આશાતના કેમ ન થાય? એને બદલે એવાંજ ભાવવાળાં ગુજરાતી વાકયો જોઇએ તેટલાં મળી શકત અને તે માતૃભાષામાં હોઇ ખાસ ઉપકારક થઈ પડત. વળી બાળકોને માટે જે હેતુ સરળતાથી સરતો હોય તે છોડી મુશ્કેલીવાળો માર્ગ શા માટે સ્વીકારવો?

પાંચમો વિષય કથાઓને લગતો છે. કથાઓ મ્હોટે ભાગે સારી પસંદ

કરાયેલી છે પણ ભાષાનું કાઠિન્ય જોતાં તે બાળકો કરતાં સંસ્કારી માણસોને ઉપયોગી થઇ પડે તેવી છે. આ કથાઓના લેખક મહાશય કાં તો પોતે બાળકો માટે લખે છે એ વાત ભૂલી ગયા હશે અથવા પંડિત લાલનની પેઠે ઇચ્છે તો પણ સરળતા ન લાવી શકે એવી તેમની લેખનશૈલી હશે. અર્થ કરવા પડે તેવી કથાઓ બાળકોને કેમ ઉપયોગી થશે ? શાળાઓના શિક્ષકો પણ ક્વચિત્ નહિ સમજી શકે. શિક્ષકોની સહાય વગર માત્ર વાંચવાથીજ સ્વયમેવ બાળકો સમજી શકે, સમજતાં રસ તથા આનંદ ઉત્પન્ન થાય, પરિશ્રમ કે કંટાળો ન ઉપજે, એવું લખાણ બાળકોને ખાસ ઉપયોગી થઈ પડે. ધાર્મિક શિક્ષકોની દુર્લભતાવાળા આ જમાનામાં અલ્પ પગારવાળા ભાડુતી શિક્ષકો આ કથાપાઠો વિવેચન આપી સમજાવી શકે અથવા સમજાવે તેવા છે ? એ લેખક મહાશયે વિચારવાની ખાસ જરૂર હતી.

છઠ્ઠો વિષય કાવ્યોને લગતો છે. પહેલી કરતાં બીજી ચોપડીનાં કાવ્યો ઘણાં મનોહર ભાવવાળી છે પણ તે સુશિક્ષિતોને વધારે ઉપયોગી થાય તેવાં છે. બાળકો માટે તો કવીશ્વર દલપત્તરામની શૈલીવાળાં કાવ્યો જોઇએ. બીજી ચોપડીમાં કાવ્યો ઉપર છેવટે સ્પષ્ટીકરણ આપ્યું છે તે દરેક કાવ્યોની સાથોસાથ ફુટનોટરૂપે આપ્યું હોય તો બરાબર કાર્યસાધક થાય. પાઠ્ય પુસ્તકોમાં આવીજ શૈલી હોવી જોઇએ.

ગચ્છભેદ કે મતભેદની વિવાદાસ્પદ બાબતો કે વૈરાગ્ય કે સંસારની અસારતાની બાબતો બાળકો આગળ મૂકવા યોગ્ય નથી. પહેલી બાબતથી બાળકોના હૃદયમાં અનૈક્યનું તત્ત્વ દાખલ થાય છે જે બીલકુલ ઇષ્ટ નથી અને બીજીથી બાળકોમાં નિરૂત્સાહ તથા નિરાશા ઉત્પન્ન થાય છે જે તેઓની પ્રગતિને વિઘાતક થઇ પડે છે. બાળ હૃદયો દર્પણ જેવાં સ્વચ્છ અને નિર્દોષ છે, તેમાં ભ્રાતૃભાવ (એકતા), ઉત્સાહ, શૌર્ય અને નિર્દોષ આનંદ ભરે તથા તેઓને કર્તવ્ય કર્મમાં આગળ વધારે તેવા પાઠો જોઈએ. અનાથી મુનિ, મધુબિંદુ અને ભીખારીનું સ્વપ્ન જેવા પાઠોની બાળકોને જરૂર નથી. આથી એ પાઠાંતર્ગત વિષયોનું મૂલ્ય ઓછું આંકવાનો મારો હેતુ નથી.

પાઠો લખતાં નવો શબ્દ આવે તેનું સ્પષ્ટીકરણ ત્યાંજ કરવું જોઇએ. 'જૈન શાસન' નો પાઠ આખો વાંચી જતાં પણ તેનો ખરો અર્થ જોવામાં આવતો નથી તેમજ તે પાઠમાં તીર્થંકર, અનાદિ કાળ, કાળચક્ર, ભરતક્ષેત્ર, શૈવ, વૈષ્ણવ વિગેરે શબ્દો મૂકયા છે તેમાં બાળકો શુ સમજે ? વળી તેજ પાઠમાં મૂર્તિપૂજક જૈનોને 'દેરાવાસી' તરીકે ઓળખાવ્યા છે પણ લેખક મહાશય નહિ જાણતા હોય કે તેવા જૈનો શહેરમાં વસતા નથી ? આ પ્રયોગ

મૂકતી વખતે તેઓએ આ વિચાર નહિ કર્યો હોય ? બાળકો 'દેરાવાસી' નો અર્થ પૂછશે તો તેનો શો ઉત્તર આપશો ?

આગળ જતાં પાંચ પરમેષ્ઠી, છ દ્રવ્ય, નવ તત્ત્વ, પાંચ જ્ઞાન, આઠ કર્મ અને પ્રવચનમાતા સંબંધી ભેદો આપ્યા છે પણ આ બધી વસ્તુઓ વસ્તુતઃ શી છે તે સમજાતુંજ નથી. વૃક્ષના જ્ઞાન વિના શાખા પ્રશાખાનું જ્ઞાન કેમ ટકી શકે ? ઉપકારક કેવી રીતે થાય ?

પૃષ્ઠ ૭૮ ઉપર 'નિર્વદ્ય' શબ્દ છે ત્યાં 'નિરવદ્ય' જોઇએ. કારણકે 'અવદ્ય' એટલે પાપ, તેથી રહિત, એવો તેનો અર્થ છે.

આ બુકોમાં ક્રિયામાર્ગના પાઠો ગુરૂવંદન, સામાયિક, પ્રતિક્રમણ, અભક્ષ્ય ત્યાગ, અપેય વર્જન, સપ્ત વ્યસન નિષેધ, સંવર વિગેરે સંબંધી શા માટે આપવામાં નથી આવ્યા તે સમજાતું નથી. શું બાળકોને આ નિત્ય ક્રિયાઓની જરૂર નથી ?

પુસ્તકને ઉંચે આસને મૂકીને ભણવું, તેના પ્રત્યે હૃદયમાં બહુમાન રાખવું, તેને જ્યાં ત્યાં જેમ તેમ રખડતું ન મૂકવું, અપવિત્ર શરીર કે વસ્ત્ર અથવા સ્થાન હોય ત્યારે અભ્યાસ ન કરવો અથવા ન ગોખવું કે પુસ્તકને ન અડવું વિગેરે સૂચનાઓ લખવાની જરૂર હતી. જેથી જ્ઞાનની આશાતના થતી અટકે અને તેના પ્રત્યે આદર ઉત્પન્ન થવાથી જ્ઞાનાવરણીય કર્મ ત્રુટતાં જ્ઞાનપ્રાપ્તિ સુલભ થાય.

આવાં પુસ્તકોનું મૂલ્ય બહુ સામાન્ય, ટાઇપ મ્હોટા અને કદ ન્હાનું હોવું જોઇએ.

પ્રયાસ ખરેખર સ્તુત્ય છે, પણ બાળસાહિત્ય ખામીવાળું હોવાથી તે જોઇએ તેવું ઉદ્દેશ સાધક થઇ શકશે નહિ એમ મારૂં માનવું છે. સંપાદક મહાશયને આમાં કાંઈ તથ્ય જેવું લાગે તો નવી આવૃત્તિ વખતે તથા નવાં પુસ્તકો લખાવતી વખતે તેઓ ધ્યાન આપે એટલા માટે આ અવલોકન લખ્યું છે. આ અવલોકન સ્થૂલ છે, સૂક્ષ્મ નથી, એ પણ સાથેજ જણાવવું જરૂરનું ધારૂં છું. આ અવલોકન લખતાં મારી ગેરસમજ અથવા ભૂલ થઇ હોય તે સોસાઈટી જણાવશે તો ઉપકૃત થઇશ.

દુર્લભદાસ કાલિદાસ શાહ.

( પૃષ્ટ ૪૯ થી ચાલુ. )

**આરોગ્યની સમજણ**—ખાવાની વસ્તુ કઠણ હોય તો તેને ખુબ ચાવી ચાવી પાણી જેવી કર્યા પછીજ ગળે ઉતારવી. ને નરમ વસ્તુને પણ ધીમે ધીમે મ્હેઢામાં મમળાવ્યા પછીજ પેટમાં ઉતારવી સુખદાયક બને છે.

# આપણું ભાવી.

( લેખક-ગુલાબચંદ મૂળચંદ બાવીશી, હેડ માસ્તર દારેસલામ—આફ્રીકા. )

If every one would see, to his own reformation;
How very easily, you might reform Nation ?

અર્થાત્—જો પ્રત્યેક વ્યક્તિ સ્વસુધારણાર્થે પ્રયત્નશીલ થાય તો
કેવી સહેલાઇથી પ્રજાને સુધારી શકાય ?

આપણું ભાવી કઇ દૃષ્ટિએ લખવું ? આપણું ભાવી કોઇ ઈતર સત્તા સુધારી શકે, કે ખુદ આપણેજ સુધારી શકીએ ? મ્હારી માન્યતા મુજબ આપણું ભાવી સુધારવું કે બગાડવું તે ખુદ આપણાજ હાથમાં અને હૃદયમાં છે. કોઈ શું સુધારી શકે ? ભાવીનું બંધારણ બાલ્યાવસ્થામાંથી, ગૃહમાંથી, શાળા, મહાશાળા, વિદ્યાલય, છાત્રાલય અને એવીજ પઠન પાઠન કરવાની સંસ્થાઓમાંથી ચોક્કસ સ્વરૂપ પકડે છે, અને એ યુગમાં દૈહિક અને માનસિક બંધારણ જેવું બંધાય છે તેવુંજ ભવિષ્યમાં ભોગવવું પડે છે. કર્મ ભોગવ્યા સિવાય છુટકો થતો નથી.

આ ઉપરથી આપણે નક્કી કરી શકીએ કે બાળપણમાંથી યુવાવસ્થામાં પ્રવેશતાં સુધી, જો આપણે આપણું જીવન પવિત્ર, સત્યપરાયણ, બ્રહ્મચર્યપ્રપૂર, ધર્મભાવનાઓવાળું. નીતિવાળું અને સદાચારી રાખ્યું હોય તો ભાવી અવશ્ય ઇચ્છનીય, ગૌરવવાન અને અનુકરણીય બની શકે. એટલે આપણેજ આપણું ભાવી રચવાનું છે. બીજા કોઇ રચી આપવાના નથી જ. ઠીક, આ તો દેહના—**જીવનના ભાવી**ની વાતો થઇ. હવે આપણે આપણા **ધાર્મિક ભાવી**ની વાતો કરીએ.

આપણું ધાર્મિક ભાવી જીવન આપણા હાથમાં નથી, આપણા હૃદયમાં છે. હૃદયનો વિકાસ આપોઆપ થઇ શકે તેમ નથી. માટે તે ભાવી સુધારવા માટે ધર્મગુરૂઓ જવાબદાર છે. ધાર્મિક ભાવી રચવાનું કાર્ય ધર્મગુરૂઓના હાથમાં બલ્કે હૃદયમાં છે. ધર્મગુરૂઓ જો બેદરકાર રહે, પોતાનોજ સ્વાર્થ સાધે અને પોતાના અનુયાયીઓના ભાવી જીવન ઘડવાની ચિન્તા પણ ન સેવે, તો તેને માટે ધર્મગુરૂઓને જવાબદાર ગણી શકાય. એટલે તેઓના હૃદયના ઔદાર્યથીજ આપણા ધાર્મિક ભાવીનો વિકાસ કરી શકાય તેમ છે.

**રાષ્ટ્રિય ભાવી**—આપણું રાષ્ટ્રિય ભાવી આપણા નેતાઓના હાથમાં છે. નેતાઓ ચારિત્ર્યવાન્, નિડર અને દૂરદેશી હોય તો તેવા નેતાઓને પગલે

ચાલનારાઓનું રાષ્ટ્રિય ભાવી સુન્દર થઇ શકે. આમાં પણ હૃદયના વિકાસની અને નિખાલસતાની આવશ્યકતા છે; એટલે આપણું રાષ્ટ્રિય ભાવી આપણાં રાષ્ટ્રિય નેતાઓજ રચી શકે છે.

**સાહિત્ય ભાવી**—આપણું સાહિત્ય ભાવી હાલના માસિકો અને પત્રો ઉપર છે, એટલે તેમાં આવતા વાંચન ઉપર છે; તેમજ પ્રગટ થતાં પુસ્તકો ઉપર છે. એટલે અધિપતિ તેમજ તન્ત્રી સાહેબો અને કવિ તેમજ લેખક સાહેબો ઉપર છે. સાહિત્ય ભાવી એટલે સાહિત્યનું ભાવી સુધારવું એ પણ સાહિત્યપ્રિય બન્ધુઓના હાથમાં અને હૃદયમાં છે. સાહિત્યની દૃષ્ટિએ સાહિત્ય જીવનનું ભાવી સુધારવું તેઓશ્રીના લખાણ, શૈલી, જીવન અને હેતુઓમાં છે. એટલે એ માટે તેઓ જવાબદાર છે.

**આર્થિક ભાવી**—આપણું આર્થિક ભાવી વ્યાપારી અને રાજાના હાથમાં છે. જે શહેર તેમજ દેશનો વ્યાપાર નકર અને નીતિવાળો હોય તે દેશનું આર્થિક ભાવી સુન્દરજ હોઈ શકે. દલાલો આમાં સ્હેજ જવાબદાર છે. વ્યાપારીઓમાં એકતા હોય, ન્હાના મ્હોટાઓને મદદ દેવાની લાક્ષણિક વૃત્તિ હોય તો આર્થિક ભાવી આબેહુબ થઇ શકે. રાજા–ઠાકોરસાહેબ–જમીનદાર–કલેક્ટર–રેવન્યુ ઓફીસર વિગેરે, વ્યાપારી દૃષ્ટિએ પ્રજાને તેમજ ખેડુતને હેરાન કરે નહીં, દુભાવે નહીં, લુંટે નહીં, તો તેઓના જીવનવિકાસથી-હૃદયવિકાસથી દરેક પ્રકારના કામકાજ ઘણીજ ખંતથી, ઉદારતાથી અને શાન્તિથી થઇ શકે. આમ થવાથી વ્યાપારમાં વિશેષ લાભ રહે, અને તેની ખીલવણીથી આર્થિક ભાવી અવશ્યમેવ ખીલેજ.

જાપાન, જર્મની, ઇંગ્લાંડ વિગેરેનું આર્થિક ભાવી તપાસીશું તો આપણે જાણી શકીશું કે, તે દેશમાં હુન્નરની ખીલવણી બહુજ થયેલી છે. જ્યારે આપણા દેશમાં તેની સદંતર ખામી છે અને આ ખામીથી આપણે આપણું આર્થિક ભાવી નમાલું, દમ વગરનું અને કિમ્મત રહિત કરી બેઠા છીએ. આમ શા માટે હોવું જોઇએ ? શા માટે "જાગ્યા ત્યાંથી સવાર" ગણીને આર્થિક ભાવી સુધારવા તત્પર ન થવું જોઇએ ? દાણ (Customs), વેઠ (Veth,) વિગેરેમાં સારી રાહત મળવી જોઇએ, હુન્નરશાળાઓ કાઢવી જોઇએ, દેશ પરદેશ પેઢીઓ જમાવવા જવું જોઇએ, દેશ વિદેશે હુન્નર અભ્યાસ ઈત્યાદિ શીખવા માટે શીખવાની ઇચ્છાવાળાઓને મોકલાવવા જોઇએ. જ્યારે આવું આવું કરવામાં આવશે ત્યારે આપણું આર્થિક ભાવી સુધારી શકાશે. મીલના માલેકોએ પણ ઘણી બાબતોમાં રાહત આપવાની, ઉદાર થવાની અને અનીતિ ત્યાગવાની વૃત્તિ ધારણ કરવાની આવશ્યકતા છે.

દેશનો મુખ્ય આધાર વ્યાપાર ઉપર છે. જ્યારે દેહનો મુખ્ય આધાર બ્રહ્મચર્ય અને સત્યતા ઉપર છે.

નાટકવાળાઓની જવાબદારી ઓછી નથી. નાટકવાળાઓ અભિનયથી "ટીપે ટીપે સરોવર ભરાય" તે મુજબ સારા ઓડીયન્સ મેળવી જાય છે. નાટક એક પ્રકારનો હુન્નર છે. અને મુંડી, મજુરીને તેની સાથે સંબંધ છે, એટલે તેઓ પણ ભાવીના કામકાજમાં ઉપયોગી થવા ધારે તો થઈ શકે તેમ છે, અને ભાવીને બટ્ટો લગાડવા ધારે તો તેમ પણ કરી શકે તેમ છે, એટલે આ લોકો પણ ભાવી માટે જવાબદાર છે. ભાવી માટે આપણે તેમજ સૌ કોઈ ઓછા વત્તા જવાબદાર છીએ.

હે પ્રભો ! વ્હાલા હિન્દુસ્થાનનું શારીરિક, આર્થિક, ધાર્મિક અને રાષ્ટ્રિય ભાવી સત્વર સુધાર !! અને "સ્વરાજ્ય" ત્વરાથી ભોગવવાની તેમને તાકાત આપ !!! આમીન.

## આરોગ્ય સાચવવા સંબંધી સહુએ થોડી ઘણી સમજ રાખવાની જરૂર.

( પૃષ્ઠ ૫૨ થી ચાલુ. )

પીવાના પાણીની શુદ્ધિ–ચોખ્ખાઈ હરેક રીતે જાળવવી જોઇએ. બેદરકારીથી પીવાનું પાણી ગોબરૂં કરવું ન જોઇએ.

અન્નાદિ ખોરાક કરતાં જળપાનની વધારે જરૂર રહે છે તેથીજ તેમાં બને તેટલી કાળજીથી ચોખ્ખાઈ રાખવા પ્રયત્ન કરવો.

અણગળ ને ગંદું જળ પીવાથી 'વાળા' વિગેરે રોગોનો ઉપદ્રવ થયા કરે છે. સાવધાની રાખવાથી તેથી બચી શકાય છે.

ખાવાનો ખોરાક પણ પ્રકૃતિને માફક આવે એવો અને હિંગ મરચાદિક ઉત્તેજક મશાલા વગરનો હોય તેમ ફાયદાકારક છે. દરેક જાતનાં ઉત્તેજક ખાણાં પીણાંથી સદંતર દૂર રહેવું જોઇએ, નહીં તો તેથી ભારે ખરાબી થવા પામે છે.

સ્વાદને વશ થઇ અતિશય ખાવાથી પેટમાં દુઃખવા આવે છે, દસ્ત લાગે છે કે વામીટ થાય છે અથવા અજીર્ણ–અપચો થવાથી તાવ વિગેરે રોગના ઉપદ્રવથી આપણે દુઃખી થઈએ છીએ.

ચા, કોફી, કોકીન, માંસ, દારૂ, બીડી, ભાંગ ને અફીણ એ બધાં દુર્વ્યસનો ભારે હાનિકારક હોઇ સુજ્ઞ જનોએ જરૂર તજી દેવા યોગ્ય છે.

રાત્રીભોજન પણ અવશ્ય તજવા યોગ્યજ છે.

સ. ક. વિ.

# કેશર અને જૈન.

શુદ્ધ સ્વદેશી કેશર મળે તો તીર્થંકરની પૂજામાં શ્રાવકોએ વાપરવું તે બાબતમાં તો બધા એકમતજ છે. પરંતુ શુદ્ધ કેશર આપણને મળી શકે તેવું છે કે કેમ? તેની જાણ માટે મારી પ્રયોગશાળામાં તપાસવા આવેલ બધા કેશરના નમુનાના પરિણામનું કોષ્ટક આ નીચે આપ્યું છેઃ—

| નંબર | તારિખ. | મોકલનારનું નામ. | ગામ. | કેશરની જાત. | પૃથક્કરણનું પરિણામ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૩-૯-૨૧ | લેબોરેટરી. | વરતેજ. | સુરજછાપ | તેલ, ચરબી કે માખણનો પાસ. |
| ૨ | ,, | અમરચંદ જસરાજ. | ભાવનગર. | કાશ્મીરી | તદ્દન બનાવટી, કૃત્રીમ રંગ તથા સુગંધ-તેલ ચરબી કે માખણનો પાસ. |
| ૩ | ૧૩-૧૦-૨૧ | કુંવરજી આણંદજી. | ,, | ચાંદ છાપ | બનાવટી પાંખડીઓ તથા કૃત્રીમ રંગ. |
| ૪ | ૨૪-૧૧-૨૧ | ,, | ,, | ઈરાની | બનાવટી પાંખડીઓ તથા કૃત્રીમ રંગ. |
| ૫ | ૨૧-૧-૨૨ | ડો. સોમચંદ ભોળાભાઈ પા. | વીરમગામ. | વિદેશી નં. ૧. | બનાવટી રેતી, તેલ, માખણ, ચરબીનો પાસ. |
| ૬ | ,, | ,, | ,, | ,, નં. ૨. | ભળતી પાંખડીઓ—રંગ. |
| ૭ | ૫-૨-૨૨ | જૈનકુમાર સભા. | ઝીરા-પંજાબ. | કાશ્મીરી. | તદ્દન બનાવટી, કૃત્રીમ રંગ, તેલ ચરબીનો પાસ. |
| ૮ | ૧-૩-૨૨ | કુંવરજી આણંદજી. | ભાવનગર. | કાશ્મીરી. | કૃત્રીમ રંગ, બીજી મળતી પાંખડીઓ. |
| ૯ | ૧૬-૩-૨૨ | જ્ઞાન સમાજ. | અમદાવાદ. | કાશ્મીરી. | તદ્દન બનાવટી. |
| ૧૦ | ,, | જૈન એસોસીએશન ઓફ ઇન્ડીયા. | મુંબઈ. | —— | ઘણીજ થોડી રંગીન બીજી પાંખડીઓ. |
| ૧૧ | ૧૭-૩-૨૨ | જીવણચંદ ધરમચંદ | ,, | સુરજ છાપ | શુદ્ધ. |
| ૧૨ | ,, | ,, | ,, | સાથીઆ છાપ. | કૃત્રીમ રંગ તથા બીજી પાંખડીઓ. |
| ૧૩ | ૮-૪-૨૨ | જગજીવન અમરચંદ જસરાજ. | ભાવનગર. | કાશ્મીરી. | બનાવટી પાંખડીઓ, ઘણીજ સોગન ખાવા જેટલીજ કેસરની પાંખડીઓ—રંગ. |

ઉપરના કોષ્ટકથી ચોખ્ખું જણાય છે કે કાશ્મીરી—સ્વદેશી—ને નામે આવેલ કેશરનો નમુનો પણ શુદ્ધ માલુમ પડેલ નથી. મ્હોટે ભાગે કેશરજ નહીં, બનાવટી માલુમ પડે છે. કેટલાએકમાં તો તેલ ચરબી કે માંખણનો પાસ પણ માલમ પડેલ છે. જેથી શુદ્ધ સ્વદેશી કાશ્મીરી કેશર બધાને મળી શકે તે તો સંભવિતજ નથી.

હવે પરદેશી કેશરનો વિચાર કરીએઃ—

પરદેશી અશુદ્ધ કેશર તો બધાને ત્યાજ્ય હોવું જોઇએ, તેમ બધા કબુલ કરે છે. ઉપરનાજ કોષ્ટક ઉપરથી જણાશે કે માત્ર સુરજ છાપનો નમુનો.—તેપણ બેમાંથી એકજ નમુનો—શુદ્ધ માલુમ પડેલ છે, બાકી બીજા વિદેશી કેશરમાં પણ કાંઈ ને કાંઇ ભેળસેળ તો હોયજ છે. જેથી શુદ્ધ વિદેશી કેશર પણ કેટલાકને મળી શકે તેનો સુજ્ઞ માણસોએ વિચાર કરી લેવો ઘટે.

કેટલાએક એમ કહે છે કે—'પરદેશી કેશર ગમે તેવું શુદ્ધ મળે તો પણ નજ વાપરીએ. કારણકે ધર્મને નામે વપરાતા પૈસા વિદેશી માંસાહારી પ્રજાને નજ આપીએ.' કેટલાએક એમ કહે છે કે—'શુદ્ધ કેશર મળે તો પછી ભલે તે વિદેશી હોય—તે જો ન વાપરીએ તો "આજ્ઞાભંગ"નો દોષ લાગે.' શાસ્ત્રમાં કેશર વાપરવાની વાત છે કે કેમ? તે બાબત ઘણી ચર્ચા ચાલે છે અને મતભેદ છે, છતાં દલીલ ખાતર માની લઇએ કે—'કેશર મિશ્રિત ચંદન પૂજા સાસ્ત્રમાં છે.' તોપણ જે જૈન શાસ્ત્રકારોએ કેશર વાપરવાનું ફરમાવ્યું હશે તેના ખ્યાલમાં ૬૦૦૦ માઇલ દૂરથી મંગાવેલ સ્પેઈનનું કેશર તો નજ હોય, તેમ કોઇપણ વ્યવહારિક બુદ્ધિવાળા માણસ કબુલ કરશેજ. તેવા શાસ્ત્રકારના મગજમાં હિંદુસ્થાનમાં પેદા થતું કાશ્મીરી કેશરજ હોવું જોઇએ કારણકે કેટલેક ઠેકાણે કેશરને બદલે 'કાશ્મીરજ' શબ્દ શાસ્ત્રમાં છે એમ ઘણા કહે છે. જો આ વાત ખરી માનીએ તો વિદેશી કેશર પછી ભલેને શુદ્ધ હોય—પણ તે વાપરવાથીજ 'આજ્ઞાભંગ'નો દોષ લાગવો જોઈએ, નહિ કે ન વાપરવાથી; કારણ કે શાસ્ત્રકારે શુદ્ધ સ્વદેશી કેશરજ વાપરવા સૂચવેલું છે. તેને બદલે આપણે વિદેશી કેશર વાપરીએ તો "આજ્ઞાભંગ"ના દોષિત થઇએ.

પૂજ્ય મુનિ મહારાજને મારી વંદણા સહિત ફરી ફરી વિનંતિ છે કે તેઓશ્રી આ બાબતનો વ્યવહારિક દૃષ્ટિએ ઉપરની દલીલ ધ્યાનમાં લઈ વિચાર કરે અને કેશરનો ઉપયોગ બંધ કરવામાં જે મુનિમહારાજો વિરૂદ્ધ છે તેમના મગજમાં જો ઉપરની દલીલ વ્યાજબી લાગે તો તેઓશ્રી બધા શ્રાવકોને તેવી સલાહ આપે અને કેશરનો ઉપયોગ સદંતર બંધ કરાવે.

મૂળચંદ ઉત્તમચંદ પારેખ.

# 'આધુનિક જૈનોનું કળાવિહીન ધાર્મિક જીવન.'

ભાઈ પરમાણંદે "આપણું કળાવિહીન ધાર્મિક જીવન" એ વિષયનો સોળ અંક જેટલો લેખ પ્રગટ કરી પોતાની ધર્મદાઝ, રસિકતા અને સહૃદયપણાની પ્રતીતિ કરાવી છે. સહૃદય, વિવેકસંપન્ન વાંચનાર તો અવશ્ય એ વિષયને વધાવી લેશે; અને મધ્યસ્થભાવે તેનો ઉહાપોહ કરી, હેયોપાદેય વિચારી સાર ગ્રહણ કરી લેશે. પ્રત્યેક અંગ, ઉપાંગ રોગે ગ્રસિત એવી એક જીવતી કાયા પડી હોય અને તેના એક સહૃદય નિરીક્ષક ભાઈ પરમાણંદ હોય એવી સ્થિતિ તેની ( ભાઇ પરમાણંદની ) ભાસે છે. એ રોગગ્રસ્ત કાયા જોઇ, એ વિકૃત અંગોપાંગ જોઇ તેનાં–તે રોગનાં બહાર તરી આવતાં લક્ષણોનું નિરીક્ષણ તેમણે કર્યું. વિકૃત અંગને દેખી કયો સહૃદય, કયો રસિક ગ્લાનિ ન પામે ? અને ગ્લાનિ પામતાં જેને વાચા છે એવો કયો પુરૂષ પોકાર ન કરે ? ભાઇ પરમાણંદની રસિકતા એ વિકળ–વિકૃત–રોગગ્રસ્ત અંગની ઉપેક્ષા ન કરી શકી; તે ગ્લાનિ પામી અને તેણે પોકાર કર્યો અને તે પોકાર હજી પણ સવેળાનો છે. નિદાન–ચિકિત્સા કુશળ વૈદ્યને હાથે નહિ થાય તો હજી વૃદ્ધિગત થયેલો રોગ વિશેષ વૃદ્ધિ પામવાનો, વિકૃત અંગ વિશેષ વિકૃત થવાનું, એ નિઃસંશય છે.

વિકૃતિનું, કળાવિહીનતાનું મુખ્ય કારણ વિવેક–વિકળતા, વિવેક–શૂન્યતા, વિવેકની ઘણી ઘણી ઓછાશ, ગતાનુગતિકતા, ગાડરિયો પ્રવાહ, 'આગું સેં ચલિ આઇ' એ છે. સમય ઓળખી એ વિવેકવિકળતા દૂર થવા–કરવાની બહુ બહુ જરૂર છે. પોતાનું દ્રવ્ય અને ભાવ સામર્થ્ય વિચાર્યા વિના માનાર્થે અગ્રેસર અને અનધિકારી છતાં અધિકારારૂઢ થયેલાઓને શિર આ જુમ્મોઆ જોખમદારી છે.

'જે દિએ સારણ, વારણ, ચોયણ, પડિચોયણ જગ જનને' એવા વિવેક ખ્યાતિવાળા, આત્માર્થી, સદુપદેષ્ટા, નિઃસ્પૃહી, ત્યાગી આચાર્યોની અને દામ–દામ–ઠામવાળા, શ્રીમાન્–ધીમાન્, વિવેકસંપન્ન, ઉદારચિત્ત, આત્માર્થી ગૃહસ્થોની પરમ આવશ્યકતા છે. એ નિમિત્તો મળે તો રોગનું નિદાન યથાર્થ થઇ, યથાયોગ્ય ચિકિત્સા થાય. નહિતો પછી કાળ પરિપાક થયે નવું અવિકૃત, સકળ કલેવર ઘડનાર જાગે અને કલેવર ઘડાય ત્યારે. ભાઇ પરમાણંદે વિકૃત અંગ બતાવ્યાં તે તો પોતે જોયાં તેટલાંજ. "પિશ્યાનું શું પિશવું? પિશ્યે છાણુ ન લેય."

**મનસુખલાલ કિરતચંદ મહેતા.**

## આપણું સીદાતું-ગરીબડું-દારિદ્રાવસ્થા ભોગવતું જ્ઞાનક્ષેત્ર.

( લેખક-મગનલાલ રવચંદ શાહ હેડમાસ્તર-કણભા મુખ્ય સ્કુલ )

આપણા પરમપૂજ્ય અને પરમકૃપાળુ શ્રીજૈનતીર્થપ્રવર્ત્તક તીર્થંકર ભગવાનો અને તેઓશ્રીના અનુયાયી પૂજ્ય ગણધરભગવાનો તથા આચાર્યભગવાનો અને સાંપ્રતકાળમાં વિચરતા સર્વે પૂજ્યપાદ મુમુક્ષુ મુનિમહાત્માઓ કે જેઓ જૈન ધર્મના અગ્રગણ્ય નેતાઓ છે-એટલે કે જેઓ ધર્મપ્રસારક અને ધર્મસંરક્ષક છે, આ મહાનૂપુરૂષોએ દેશવિરતિ ગૃહસ્થધર્મીઓને પોતાનો પવિત્ર સંસાર-વ્યવહાર ચલાવતાં પૂર્વોપાર્જીત પુન્યોદયવડે જે ન્યાયોપાર્જીત લક્ષ્મી તેમને વરે એટલે અઢળક ધનસંચય થાય, જેનાવડે તેઓશ્રીઓ સહસ્રપતિ, લક્ષાધિપતિ અને કોટ્યાધિપતિઓ બને, આવાં શ્રીમાન્ શ્રાવકવર્યોને પોતાને વરેલી લક્ષ્મીનો મુખ્યત્વે કરીને ઉત્કૃષ્ટ રીતે સદ્‌વ્યય કરવાને સાત ક્ષેત્રો દર્શાવ્યાં છે. એટલે કે એવી લક્ષ્મીનો સાત વિભાગમાં મુખ્યપણે સદ્‌વ્યય થઇ શકે છે. દ્રવ્યનો સદ્‌વ્યય કરવાને એ સાત ક્ષેત્રો સિવાય બીજાં પણ અન્ય ક્ષેત્રો ઘણાં છે; પરંતુ તેઓ આ સાતેના જેટલાં ફલદાયી નથી. લક્ષાધિપતિઓ કે કોટ્યાધિપતિઓજ આવો સદ્‌વ્યય કરી શકે અને સાધારણ આર્થિક સ્થિતિના ગૃહસ્થ ધર્મીઓ આવો સદ્‌વ્યય ન કરી શકે એવું કંઇ નથી. દરેક ગૃહસ્થધર્મી સ્વશકત્યનુસાર પોતે ઉપાર્જીત કરેલા અને તેમાંથી બચાવેલા દ્રવ્યનો પોતાની ઇચ્છાનુસાર સદ્‌વ્યય કરી શકે અને તેથી તે પોતે ખર્ચેલા દ્રવ્યના પ્રમાણમાં નહિ, પરંતુ જેટલે અંશે તેણે પોતાના શુભ અને ઉચ્ચ આશયોની પ્રબળતાને આધીન થઈ તેથી આવતાં શુભ પરિણામોને લક્ષમાં લઈ દીર્ઘદષ્ટિ વાપરી ધર્મબુદ્ધિએ વિવેકાવિવેકની વહેંચણી કરી દ્રવ્ય વાપર્યું હોય તેના પ્રમાણમાં પુન્યાનુબંધ કરી શકે. દરેક ગૃહસ્થાશ્રમીને પોતાનો નાના અથવા મોટા પાયાપર ચાલતો ગૃહસ્થાશ્રમ, સંસારવ્યવહાર યા પોતાના કુટુંબનો જીવનવ્યવહાર કુટુંબની પરંપરાથી ચાલતી આવેલી ખાનદાની પ્રમાણે જમાના અનુસાર આબરૂ ભર્યો તેમજ સુખ શાન્તિમય ચાલી શકે એટલું ધન તો અવશ્ય જોઇએ. તદુપરાંત વધી પડેલી લક્ષ્મી જે અનિષ્ઠ પરિણામોને આણનારી તેમજ સ્વલ્પ કાળ પછી-તેના સ્વામીનો પુણ્યોદય પરવાર્યો પછી સ્વયમેવ સ્વેચ્છાએ પુનર્લગ્ન કરનારી છે યા વ્યભિચારિણી સ્ત્રીની માફક અન્ય પતિને વરી અન્યસ્થળે ચાલી જનારી છે. વળી તે કેટલો કાળ એકજ સ્થળે સ્થિરતા કરી ટકી રહેશે તેના નિર્ણયનો કંઇ પણ નિશ્ચય નહિ હોવાથી ક્ષણિક સુખ આપી તેના શીઘ્ર ગમનથી પાછળથી દુઃખદાયી થાય છે, આવી અસ્થિર અને અસાર લક્ષ્મીનો આ પંચમ કાળમાં

ક્ષુલ્લક આયુવાળા મનુષ્યોએ તેના ઉપર થતો વ્યામોહ ઉતારી નિર્મોહી થઇને આવો અમુલ્ય અવસર પ્રાપ્ત થયો હોય ત્યારે સદ્દક્ષેત્રે સદ્વ્યય કરવારૂપ સુવર્ણમય પુષ્પોએ વધાવી લઇ આત્મકલ્યાણ અને પુન્યાનુબંધરૂપ લાભ લઈ લેવો. મનુષ્ય ભવ પામ્યાનું તેમજ બીજા પણ શુભ સંયોગ પામ્યાનું શુભ ફળ મેળવવામાં દુર્લક્ષ રાખવું નહિ. જેથી સઘળા શુભ સંયોગો પ્રાપ્ત થયા તે લેખે લાગે. ધર્મશાસ્ત્રમાં પણ વ્યવહાર ચલાવતાં વધેલી લક્ષ્મીનો આવોજ સદ્વ્યય કરવાનું ફરમાન છે, એટલે કે આવી લક્ષ્મીનો સદ્વ્યય કરવાને માટે આપણા નિઃસ્વાર્થપરાયણ અને પરમોપકારી પૂજ્ય જ્ઞાની મુમુક્ષુ મહાત્માઓએ જ્ઞાનદષ્ટિવડે જેમાં વધારે ને વધારે લાભ થાય એવાં સાત ક્ષેત્રો—સ્થળો દર્શાવી આપ્યાં છે. એ સાત ક્ષેત્રો અનુક્રમે (૧) જ્ઞાન ક્ષેત્ર, (૨) જીર્ણોદ્ધાર ક્ષેત્ર, (૩) જિન પ્રતિમા ક્ષેત્ર, (૪) સાધુ ક્ષેત્ર, (૫) સાધ્વી ક્ષેત્ર, (૬) શ્રાવક ક્ષેત્ર, (૭) શ્રાવિકા ક્ષેત્ર. આ સાતે ક્ષેત્રોમાંના દરેકનું સૂક્ષ્મ અને વિસ્તારથી સ્વરૂપ સમજાવવા તથા એકબીજા પ્રત્યે રહેલી તારતમ્યતા જણાવવા તથા જમાનાને અનુસરી જે જે ક્ષેત્રમાં દ્રવ્યવ્યય કરવાની હાલ વિશેષ જરૂર હોય તે સમજાવવાને જૈન શ્રીમંત સમુદાય ઉપર સારી અસર થાય એવો એક લેખ ખાસ ચરચા રૂપે લખીને આ માસિક દ્વારા પ્રગટ કરાવી કોઈ સજ્જન સાક્ષરવર્ય અજ્ઞાત જૈનવર્ગપર દયા દષ્ટિએ પોતાની શક્તિનો વ્યય કરી કોમપર ઉપકાર કરશે. એવી આશા છે. જેટલે અંશે તે લેખક આત્મભોગ આપશે તેટલે અંશે તે પુન્યાનુબંધ કરશે; પછી ભલેને તે શ્રાવકવર્ય હો અગર મુનિવર્ય હો. આપણી જૈનકોમનો ઘણો ભાગ એટલે લગભગ ૭૫ ટકા જેટલા જૈનો અગર તેથી પણ વધારે જૈનો તો ધર્મના મુખ્ય મુખ્ય તત્ત્વોથી પણ અજાણ છે ને સ્વાત્મધર્મથી પણ અજ્ઞ છે, તો સ્વાત્મધર્મપરાયણ તો હોયજ શેના. વસ્તુસ્થિતિ તપાસતાં આપણી જૈનકોમનાં કેટલાં મનુષ્યો વાસ્તવિક જૈનત્વ અમુક અંશે પણ ધરાવે છે તે જોતાં હાલના આ વિષયવાસનાવશવર્તી જમાનામાં આપણા જૈનભાઇઓ પોતાના જૈનત્વથી એટલે સ્વાત્મધર્મથી બહુ વેગળા છે એમ જણાય છે, આ વાત આપણું સીદાતું જ્ઞાનક્ષેત્ર કેવી સ્થિતિમાં છે? તે જ્યારે આપણે આગળ આ લેખમાં તપાસીશું ત્યારે જણાશે; હાલ તો તે વિષયપર જવાને આ લેખ ભૂમિકારૂપ છે.

દ્રવ્યવ્યયથી થતો વિશેષ પુણ્યબંધ કરાવનાર ઉપર બતાવેલાં સાત ક્ષેત્ર માંહેના પછીનાં જે ચાર ક્ષેત્રો છે તે પોતપોતાના જ્ઞાન દર્શન ચારિત્રરૂપ **યોગારાધનથી** શુદ્ધ સ્વાત્મસ્વરૂપ નજીક જેટલે અંશે પહોંચ્યા હોય એટલે અંશે એક બીજાની સાથે સરખામણી કરતાં ઉત્તમ, મધ્યમ ને જઘન્ય હોઇ શકે, એટલે તેમાં તારતમ્યતા હોઈશકે. જેમ જે ક્ષેત્રમાં વિશેષ યોગ્યતા—આત્મપવિત્રતા

તેમ તે ક્ષેત્રમાં વ્યય કરેલા ધનનું વિશેષ ફળ એટલે વિશેષ પુન્યાનુબંધ, એ વાત નિઃસંદેહ સર્વમાન્ય છે. પ્રથમનાં ત્રણ ક્ષેત્રો એ ચાર ક્ષેત્રો કરતાં પણ વધારે ઉત્કૃષ્ટું સ્થાન ભોગવતાં હોય એમ જો મારી અજ્ઞદશા મને ભૂલાવતી ન હોય તો મારી માન્યતા છે. વસ્તુસ્થિતિ આમ હોવા છતાં જ્ઞાનચક્ષુથી તાત્વિક દૃષ્ટિએ ઉંડા ઉતરીને આપણે તપાસીશું તો આ સાતે ક્ષેત્રો અન્યો-અન્ય એક બીજાની સાથે ઓતપ્રોત થયેલાં–એટલે એક બીજામાં મળી ગયેલાં જણાશે. આ સાતે ક્ષેત્રો એકબીજામાં સમાયેલાં હોઇ એકરૂપ થઇ ગયેલાં સમજાવવાને કોઈ પ્રબળ સાક્ષરવર્ય સમર્થ હોઈ શકે; પરંતુ અત્રે મારી અલ્પમત્યનુસાર તેમ કરવા જે કંઇ પ્રયત્ન કરૂં છું તેથી વિષય સંપૂર્ણ રીતે તો સ્ફૂટ નહિજ થઇ શકે, કોઈ સાક્ષરવર્યજ તેને સ્ફૂટ કરી બતાવશે; હુંતો તેને માટે કંઇક રૂપરેખાજ દોરૂં છું.

જીર્ણોદ્ધાર તે જિનપ્રતિમાના સંરક્ષણાર્થેજ છે અને જિનપ્રતિમા તે જિન સદૃશ છે. વળી જ્ઞાનના ઉદયથી દર્શન, ને જ્ઞાન દર્શનના ઉદયથી ચારિત્ર, ને તે ત્રણેનો સર્વાંશે ઉદય તે મોક્ષ. હવે જિનેશ્વર ભગવાનની પ્રતિમાની પૂજા તે જિનેશ્વર ભગવાનની પૂજા સમાન છે, અને જિનેશ્વર ભગવાનની પૂજા તે તેમનાં જ્ઞાન દર્શન ચારિત્રનીજ પૂજા છે. આમ ૧ જ્ઞાનક્ષેત્ર ૨ જીર્ણોદ્ધાર ક્ષેત્ર અને ૩ જિનપ્રતિમા ક્ષેત્ર એ ત્રણે એકરૂપ છે. વળી ૪ સાધુ ક્ષેત્ર ૫ સાધ્વીક્ષેત્ર ૬–૭ શ્રાવક–શ્રાવિકા ક્ષેત્ર એ ચારે ક્ષેત્રની પૂજા, તે પણ તેમનામાં અમુક અમુક અંશે સ્ફુરેલા જ્ઞાન દર્શન ચારિત્રરૂપ ગુણનીજ પૂજા છે. એટલે સાતે ક્ષેત્રો, જ્ઞાન દર્શન ચારિત્ર તે આત્મા ને આત્મા તે જ્ઞાન દર્શન ચારિત્ર, અથવા નવપદ એ આત્મા ને આત્મા એ નવપદ, એ ન્યાયે એકરૂપ છે. આ સાતે ક્ષેત્રો જેમ સર્વાંશે–સંપૂર્ણપણે પ્રકાશી નીકળે એટલે શુદ્ધ સ્વરૂપમાં પ્રકાશે તેમ કરવા સાતે ક્ષેત્રમાં દ્રવ્યવ્યય કરવો અથવા સાતે ક્ષેત્રની પૂજા કરવી એ બધું એકજ રૂપ છે. સાંપ્રતકાળે પ્રવર્તમાન જમાનામાં આપણા ઘણા શ્રીમંત જૈનો જે આપણી જૈનકોમના સ્તંભરૂપ છે તેઓશ્રીઓનું સાત ક્ષેત્રોમાંના કયા કયા ક્ષેત્રોમાં દ્રવ્યનો વ્યય કરવાનું વલણ આગળ પડતું છે અને તેથી વિશેષ અગત્યનાં કયા કયા ક્ષેત્રો સીદાતાં થઇ ગયા છે તે તપાસીશું તો જણાશે કે હાલના શ્રીમંતોનું ઘણું વલણ નવાં નવાં જિનમંદિરો બંધાવીને તેમાં વિશેષ વિશેષ જિનપ્રતિમાઓ પધરાવી પોતાના આત્માનું કલ્યાણ કરવા તરફ તેમજ પોતાની પાછળ આત્મકલ્યાણને નામે કંઇક નામના મૂકી જવા તરફ આગળ પડતું છે ને તેથી આપણા જૈન શ્રીમંતોનું લાખો ગમે દ્રવ્ય એ ક્ષેત્રમાં વપરાતું જાય છે, એટલે જિનપ્રતિમા ક્ષેત્રમાં દ્રવ્યનો વ્યય થવામાં કંઈ

ખામી નથી. જૈનકોમની સંખ્યાના પ્રમાણુમાં પ્રભુપૂજા કરવાને જોઇતાં જિનમંદિરો અને પ્રતિમાજીઓ છે; પરંતુ હાલના જમાનામાં સમગ્ર જૈનકોમની બાહ્ય તેમજ આંતરિક આર્થિક સ્થિતિ તપાસતાં આ ક્ષેત્રમાં વપરાતું દ્રવ્ય વધુ પડતું છે ને તેથી બીજાં બે વધારે અગત્યના ક્ષેત્રો જીર્ણોદ્ધારક્ષેત્ર અને જ્ઞાનક્ષેત્ર સીદાતાં થઇ પડ્યાં છે. હજી પણ ઘણાં જિનમંદિરો શોચનીય સ્થિતિમાં જીર્ણપ્રાય છે. આવાં જીર્ણ મંદિરોનો ઉદ્ધાર કરવામાં જોઇતાં નાણાં ન ખર્ચાય એટલે તે દિનપ્રતિદિન વધારે ને વધારે જીર્ણ દશામાં આવતાં જાય ને છેવટે નષ્ટપ્રાય થાય. છતાં ખાસ આવશ્યકતા વિનાનાં સ્થળોએ નવાં નવાં જિનમંદિરો બંધાય ને તેમાં લાખો ગમે દ્રવ્યનો વ્યય થાય, એ વિવેકદૃષ્ટિએ અને ધર્મદૃષ્ટિએ જોતાં કંઇ વિશેષ લાભપ્રદ ન ગણી શકાય. આખા દેશમાં જ્યાં જ્યાં જીર્ણોદ્ધારની જરૂર હોય ત્યાં ત્યાં શ્રીમંતોનું દ્રવ્ય ખર્ચાય ને તેમ કરતાં વધુ પડતું દ્રવ્ય હોય ત્યારેજ નવાં જિનમંદિરો બંધાવવામાં તેનો ઉપયોગ થઇ શકે એમ થવું જોઇએ. આ ઉપરથી એમ નથી સમજવાનું કે જીર્ણોદ્ધારનું કામ બાકી હોય ત્યાં સુધી નવીન જિનમંદિરો નજ બાંધવા, પરંતુ જે જે સ્થળોએ જિનમંદિરના અભાવે શ્રદ્ધાળુ ભાવિક જૈનભાઇઓને જિનેશ્વર ભગવાનના દર્શન, સેવા પૂજા, ભક્તિ વિગેરે કરવાનો બાધ આવતો હોય તે તે સ્થળોએ આસપાસના સંજોગો અને સ્થિતિ જોઇને-લક્ષમાં લઇને શ્રીમંતોએ નવીન જિનમંદિરો અવશ્ય બંધાવી આપવાં; પરંતુ આપણા પરમોપકારી શ્રીમાન્ પૂર્વજોના પ્રતાપે હાલ કોઇ એવું સ્થળ જવલ્લેજ હશે કે જ્યાં નવીન જિનમંદિર બંધાવવાની ખાસ આવશ્યકતા હોય, છતાં તેમ કરવાની જરૂરજ ઉભી થાય તો દેશ, કાળ, સ્થળ અને સ્થિતિ વિગેરેને લક્ષમાં લઇને દ્રવ્યનો વ્યય કરવાની અમુક હદ હોવી જોઇએ. શ્રીમાન્ વસ્તુપાળ તેજપાળ અને વિમળશા જેવા ધનવાન્ શ્રાવકોએ સ્વર્ગીય જિનમંદિરો બંધાવી પુન્યાનુબંધ કરવામાં કાંઇ મણા રાખી નથી, પરંતુ જ્યાં સુધી જ્ઞાનક્ષેત્ર અને જીર્ણોદ્ધારક્ષેત્ર વિશેષ સીદાતાં થઇ પડ્યાં હોય તેવા સંજોગોમાં નવીન જિનમંદિરો બંધાવવામાં અઢળક ધન શ્રીમંતોથી ન ખર્ચાય. તેમનું તો અગત્યનાં ને સીદાતાં ક્ષેત્રોની સ્થિતિ સુધારવા ઉપરજ ખાસ લક્ષબિન્દુ હોવું જોઇએ. એજ ખરો વિવેક છે એમ સુજ્ઞ સજ્જનો તો કબુલ કરશે.

હવે આપણે એમ માની લ્યો કે જિનપ્રતિમાક્ષેત્ર અને જીર્ણોદ્ધારક્ષેત્ર એ બંને ક્ષેત્રો સારી રીતે સંતોષકારક સ્થિતિમાં છે, અને જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે જરૂર પડે ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે આપણા જૈન શ્રીમંતો તે તે ક્ષેત્રોમાં દ્રવ્યનો જરૂર પડતો વ્યય કરી બંને ક્ષેત્રોને સારી રીતે શોભાવે છે;

પરંતુ ઉપલાં સર્વ ક્ષેત્રો કરતાં સર્વોત્કૃષ્ટ ક્ષેત્ર તો જ્ઞાનક્ષેત્ર છે. આ જ્ઞાનક્ષેત્ર જ્યાંસુધી સીદાતું હોય ત્યાંસુધી જૈનોમાં જૈનત્વ શેનું કહેવાય ? ને જો જૈનોમાં જૈનત્વ ન કહેવાય તો આપણાં ભવ્ય જિનમંદિરો અને તેમાં પધરાવેલા તરણતારણ જહાજ તુલ્ય પ્રભુજીની પૂજાની કિમ્મત કોણ આંકી શકશે? જૈન તત્ત્વોનું રહસ્ય કોણ અને કેવી રીતે સમજી શકશે ? વિગેરે વિગેરે ઘણા પ્રશ્નોવડે આપણી કોમની અજ્ઞદશા દર્શાવી જ્ઞાનક્ષેત્રની હાલની સ્થિતિનું કંઈક વિવરણ કરવાનો મારો આશય છે ને તેટલાજ હેતુથી આ લેખ **આપણું સીદાતું જ્ઞાનક્ષેત્ર** એ મથાળા નીચે લખવો શરૂ કર્યો છે, પરંતુ તેમ કરતાં પહેલાં આપણા જૈન ધનિકોના દ્રવ્યનો વિશેષ ભાગ કયા કયા ધર્મકાર્યોમાં ખર્ચાય છે કે જેથી આ ક્ષેત્ર સીદાતું થઈ ગયું છે ને જૈનો જૈનત્વ વિના નામનાજ રહ્યા છે તે કાંઈક જણાવ્યું છે ને હવે પછીના અંકમાં કાંઈક જણાવીશ. અપૂર્ણ.

## જાણવા ને વિચારવા માટે—

સદ્ગુણાનુરાગી મુ. કર્પૂરવિજયજીના વિહારથી માંડલ, વીરમગામ, વીસનગર, ઉમતા, ઉંઝા, શીપોર ને ખેરાળુ વિગેરે કઈક સ્થળે નીચે જણાવેલી બાબતોના સુધારા થયા છે.

૧ ખાનપાનમાં થતી ગોબરાઈ દૂર કરવી.

૨ એઠવાડ ન પાડવો. પડે તે દૂર કરવાનો ઉપયોગ વિશેષ રાખવો.

૩ લગ્નાદિ પ્રસંગે ફટાણા બીલકુલ ન ગાવાં.

૪ વિધવાઓએ વધારે વખત ખુણો પાળી ધર્મકાર્યથી વિમુખ ન રહેવું.-ધર્મકાર્ય દેવદર્શનાદિ તો બંધ રહેવુંજ ન જોઈએ.

૫ નવકારશી પ્રમુખ સ્વામીવચ્છળોમાં અને પ્રભુ પાસે નૈવેદ્ય ધરવામાં શુદ્ધ સ્વદેશી ગોળનું પકવાન્નજ વાપરવું. અપવિત્ર ખાંડનું કે તેની બનેલી સાકરનું પકવાન્ન ન વાપરવું.

૬ જમતાં ઘેરે કે સ્વામીવચ્છળમાં એઠું ન મૂકવું. વિગેરે.

**આરોગ્યની સમજણ**-(ચાલુ.)-જળને જાડા ને ચોખ્ખા વસ્ત્રથી ગાળ્યા પછી પીતી વખતે પહોળા વાટકા જેવા વાસણમાં લઈ તપાસીને વાપરવું. એઠું થયેલું વાસણ ફરી ચોખ્ખા પાણીમાં બોળી બધું પાણી બગાડવું નહીં. જુદા વાસણવતી જળ કાઢી પહોળા વાસણમાં જોઈએ તેટલું રેડીને વાપરવાથી ગોબરાઈ થતી અટકશે અને શરીરનું આરોગ્ય સચવાશે.

## થોડામાં મીઠાસ.

( લે. ભાઇલાલ સુંદરજી મહેતા. ઝીંઝુવાડા. )

આ વાત દરેક સજ્જન પુરૂષોએ લક્ષમાં રાખવાની ખાસ આવશ્યકતા છે. કેમકે આપણે સર્વે મીઠાશનીજ અભિલાષા રાખનારા છીએ તેમ કહીએ તો ખોટું નહીં ગણાય. કારણ લેશમાત્ર કડવાશ હોય તો પણ દુઃખરૂપ લાગે છે, તો વિશેષની તો શી વાત ?

થોડું બોલવાથી આપણી પ્રતિષ્ટા વધે છે, તેમજ તેવા પુરૂષના વાકયપર શ્રદ્ધા બેસે છે. થોડાબોલા માનવીમાં કુદરતી સદ્‌વર્તન પ્રાપ્ત થાય છે, એટલુંજ નહિં પણ તેનું બુદ્ધિબળ દિનપ્રતિદિન વૃદ્ધિ પામે છે. આ ઉપરથી એમ નથી સમજવાનું કે મુંગા બેસી રહેવાથી ઉપરના સદ્‌ગુણ પ્રાપ્ત થાય છે. કહેવાનો હેતુ માત્ર એટલોજ છે કે વધારે પડતો તેમજ વિચાર્યા વિનાનો એક પણ શબ્દ મુખ બહાર કાઢી નાખવો નહિ. એવા શબ્દો બહુબોલા માનવીના મોઢેથી જલદી નીકળી જાય છે ને તે શબ્દ કોઈ વખત મૃત્યુવત્ દુઃખ આપે છે.

થોડાબોલા માનવીમાં વિચાર કરવાની ટેવ ઘણી હોય છે, તેથી કોઇ વખત તે મુશ્કેલીમાં પ્રાયે આવતો નથી. આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે જેમ બને તેમ થોડું બોલવા પ્રયત્ન કરવો. વધારે બોલા માનવીની વાત સાચી હોવા છતાં તેની વાત પર વિશ્વાસ બેસતો નથી, પણ તેની વાત મારી જાય છે. થોડું બોલવાથી મગજ શાંત રહે છે ને વિચારો પણ પવિત્ર બને છે.

સારા સારા વિચારો સમાજમાં ફેલાવતાં વધારે બોલવાનો પ્રસંગ પડે તેથી કાંઇ આપણને ક્ષતિ પહોંચતી નથી, પણ સ્વાર્થ વિના અતિશયોક્તિ વાપરી વધારે પડતું બોલવાની બુરી આદત પરિણામે દુઃખરૂપ નીવડે છે, તેમજ તે વાત પાયા વિનાની થઇ તેમાંથી સત્વ ઉડી જાય છે, અને તે વાત ખરા લાભને આપી શકતી નથી.

શાંત મગજમાં વિચારો સારા આવવાનો ખાસ નિયમ છે. ને તેવું શાંત મગજ રાખવા માટે થોડું બોલવું તે કુદરતી ચાવી છે. વિના કારણે વાક્‌પટુતા વાપરી મગજને તકલીફ આપવી તે કોઈ રીતે લાભકર્તા નથી.

થોડી વાત કરનાર માણસ ઝાઝો એહવાલ થોડામાં પ્રદર્શિત કરી બતાવે છે તે વાત નિઃસંદેહ છે. તારમાં પણ થોડા શબ્દો અકસીર કામ કરે છે, કાગળમાં ઝાઝું લખાણ લખવા છતાં તેટલી અસર થતી નથી. સામાન્ય માણસ ઘણી દલીલ કરે છે પણ તેનું જેટલું સન્માન નથી થતું તેથી વધારે પડતું બેરીસ્ટરનું એક વાકય સન્માનપાત્ર બને છે.

આ વાત કેટલાકને આશ્ચર્યજનક લાગશે પણ તે પ્રમાણે વર્તન રાખવાથી તેનાં મીઠા ફળોનો સ્વાદ ટુંક મુદતમાં ચાખી શકશે એવો સંભવ છે.

# સ્ફુટ નોંધ અને ચર્ચા.

ગત ચૈત્રમાસમાં બે ત્રણ કાર્યો ખાસ નોંધ લેવા લાયક થયા છે. અને વૈશાખ માસમાં તેવા ઘણાં શુભ કાર્યો જુદે જુદે સ્થળે થવાના છે. ચૈત્રમાસમાં પ્રથમ શુભકાર્ય શ્રી જામનગર ખાતે શેઠ પોપટલાલ ધારશીભાઇએ નામદાર જામસાહેબના હાથે જૈન બોર્ડીંગ ખોલાવી તે થયું છે. ચૈત્રશુદિ ૯ મે પ્રભાતમાં એ કાર્ય કરવામાં આવ્યું છે. તે નિમિત્તે મુંબઈ વિગેરેથી ઘણા ગૃહસ્થો ખાસ પધાર્યા હતા. અત્રેથી મી૦ કુંવરજી આણંદજી પણ ગયા હતા. શહેરના તમામ અમલદારો અને સંભાવિત ગૃહસ્થોને આમંત્રણ કરવામાં આવ્યું હતું. મેળાવડો બહુ સુંદર થયો હતો. નામદાર જામસાહેબના હાથથી જૈન બોર્ડીંગ અથવા વિદ્યાર્થીભવન ખુલ્લું મુકાવવાની ક્રિયા કરાવ્યા બાદ ભાષણો પણ બહુ સારા થયા હતા. નામદાર જામસાહેબે પણ ઘણો સંતોષ બતાવ્યો હતો. આ કાર્યમાં એક પ્રકારની અદ્ભુતતા એ હતી કે પોતાને રહેવા માટે તેઓ બંગલો બંધાવતા હતા, તેમાં કોઈ સજ્જનના કહેવાથી તે વિચાર ફેરવી નાખીને સુમારે એક લાખ રૂપીઆ ખર્ચીને કરેલું મકાન જૈનસંઘને જૈન બોર્ડીંગ માટે અર્પણ કરી દીધું છે, અને તેની સાથે પોતાનું નામ ઠામ પણ જોડવાનો મોહ ધરાવ્યો નથી, ઉપરાંત તેમાં રહેનારા વિદ્યાર્થીઓના નિર્વાહ નિમિત્તે વાર્ષિક રૂ. ૩૦૦૦) ( રૂ. ૫૦૦૦૦) નું વ્યાજ ) આપવાની ઉદારતા બતાવી છે. અન્ય શ્રીમાનોએ આ દાખલો ખાસ લેવા લાયક છે. હવે જામનગરના શ્રીસંઘે પોતાની ફરજ બજાવવાની છે અને બોર્ડીંગની વ્યવસ્થા સુંદર રાખવાની પૂરતી તજવીજ કરવાની છે. એમાં મંદતા કરવાની નથી.

* * * *

ચૈત્ર શુદિ ૧૩ શે શ્રી મહાવીર પરમાત્માનો જન્મદિવસ હોવાથી અનેક સ્થળે મહાવીર જયંતી ઉજવાણી છે. પરમાત્માની ભક્તિ સવિશેષપણે કરવામાં આવી છે. મોટા મેળાવડાઓ થયા છે અને મહાવીર પરમાત્માના ચરિત્રમાંથી અનેક સંયોગો લઇને તેનું અનુકરણ કરવાની શિક્ષાઓ આપવામાં આવી છે. પ્રસંગોપાત હાલમાં ચાલતી સ્વદેશીની ચળવળમાં પડેલા બંધુઓને પણ ખાસ સૂચના આપવા યોગ્ય છે કે એ ચળવળ સ્વધર્મ ચૂકીને કરવાની નથી, વડીલોનું અપમાન કરીને કરવાની નથી. મહાવીર પરમાત્માએ આખા જગતનું હિત કરવાની કમર કસી, પરંતુ સ્વધર્મ ચૂકીને નહીં, તેમજ બંધુના આગ્રહની પણ ઉપેક્ષા કરીને નહીં. આ વાત ઉપર ખાસ લક્ષ ખેંચવાનું કારણ એ છે કે—

કેટલાક બંધુઓ સ્વધર્મ ચૂકી જઇને એ ચળવળમાં મંડી પડેલા દેખાય છે. તેમને પોતાની ખરી ફરજનું સ્મરણ આપવા માટે આ વાત સૂચવી છે.

* * * *

ચૈત્ર શુદિ ૧૫એ દેવવંદનની ક્રિયા મોટા પાયા ઉપર પણ કરવામાં આવે છે. એ રીતે ક્રિયા કરવામાં સુમારે પાંચ કલાક થાય છે અને ફળ નૈવેદ્ય વિગેરે વસ્તુઓ દરેક જાતની ૧૫૦—૧૫૦ પ્રભુ પાસે ધરવામાં આવે છે. આમાં મુખ્યતાએ શ્રી સિદ્ધાચળની ભક્તિ છે. આવી સવિશેષ વિધિયુક્ત દેવવંદનની ક્રિયા જામનગર ખાતે તે દિવસે કરવામાં આવી હતી. પંન્યાસ ભક્તિવિજયજી મહારાજના પધારવાથી જામનગરના શ્રીસંઘને અન્ય લાભો મળવા સાથે આ લાભ પણ મળ્યો છે. તે ક્રિયાનો લાભ શ્રાવક શ્રાવિકાઓ સુમારે ૫૦૦ થી ૭૦૦ ની સંખ્યામાં લીધો હતો. અમે તેનું અનુમોદન કરીએ છીએ.

* * * *

શ્રી આબુજીતીર્થની યાત્રા કરવા જનારા યાત્રાળુઓને ઢુંઢી ચોકી સુધી મોટરમાં જવા દીધા પછી કાંપને રસ્તે સડકપર ન જવા દેતાં પગકેડી જેવે રસ્તે સુમારે બે ત્રણ માઇલ ચાલવું પડે ત્યારે દેલવાડે પહોંચી શકાય. આવી ઉપાધિ વીશ વર્ષ થયા શરૂ થયેલી છે. તેના નિવારણ માટે મુંબઈથી જૈન કોન્ફરન્સ ઓફીસ અને જૈન એસોસીએશન ઓફ ઇંડિઆ તરફથી પત્ર વ્યવહાર તેના યોગ્ય અધિકારી સાથે ચલાવતાં રજપુતાનાના એજન્ટ ટુ ધી ગવર્નરે તાં. ૧૨ મીએ (ચૈત્ર વદિ ૧ મે) પોતાની રૂબરૂ ડેપ્યુટેશન તરીકે આવવા સૂચવ્યું હતું. તેટલા ઉપરથી મુંબઇ, અમદાવાદ, પાલણપુર, કલકત્તા, શીરોહી અને ભાવનગર વિગેરે સ્થળોએથી કેટલાએક ગૃહસ્થોનું ડેપ્યુટેશન ત્યાં ગયું હતું. ડેપ્યુટેશનના ગૃહસ્થોને ચૈત્રી પુનમનો આબુતીર્થની યાત્રાનો પરમ લાભ પ્રસંગોપાત પ્રાપ્ત થયો હતો. ડેપ્યુટેશનની મુલાકાત બહુ સારી રીતે લેવામાં આવી હતી. સુમારે દોઢ કલાકની વાતચીતને પરિણામે કાંપને રસ્તે જવાની કેટલીક સગવડ આપવાનું કબુલ કર્યું હતું. નવા રસ્તાની ગોઠવણ બતાવવામાં આવી હતી અને મંદિરોમાં થતા રીપેર કામ માટે પણ કેટલીક સહાનુભૂતિ દર્શાવવામાં આવી હતી. આ સંબંધની વિશેષ હકીકત ચોક્કસ લખીતવાર પત્ર વ્યવહાર થઈ ગયા પછી જૈન એસોશીએશન ઓફ ઈંડીઆ તરફથી બહાર પાડવામાં આવશે. કારણ કે હવે પછીનું કામ એ સંસ્થાના પ્રેસીડેન્ટ તથા સેક્રેટરી ત્યાં પધાર્યા હતા તેમને ડેપ્યુટેશનના ગૃહસ્થો તરફથી સોંપવામાં આવ્યું છે. તેઓ પૂરા ઉત્સાહથી સોંપેલ કાર્ય પાર પાડશે એવો પરિપૂર્ણ વિશ્વાસ છે.

* * * *

એક વિદ્વાન લેખક પૂછે છે કે–'ધર્મનું ફળ શું ? ધર્મી ગણાવું, ધર્મીમાં ખપવું તે ? કે ધર્મી થવું તે ?' આપણે બધાએ આ પ્રશ્ન નિર્દંભપણે વિચારવા લાયક છે. જે વિદ્વાન આ પ્રશ્નનો ઉત્તર લખી મોકલશે તે અમે હવે પછીના અંકમાં પ્રગટ કરશું.

* * * *

મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજ કે જેઓ પરમ શાંત સ્વભાવી છે, તેમના શિષ્ય મુનિ કર્પૂરવિજયજી કે જેઓએ લઘુ વયમાં દીક્ષા લીધી હતી, જ્ઞાનના સારા અભ્યાસી હતા અને ઉપદેશ દેવાવડે અનેક ભવ્ય જીવોને અસર કરે તેવા હતા, તેઓ માત્ર અલ્પ સમયની માંદગીમાં ફાગણ વદિ ૧૩ ને રવીવારે પાટણમાં સ્વર્ગવાસી થયા છે. તેથી જૈન વર્ગ બહુ દિલગિર થયો છે. વડોદરા ખાતે શ્રી હંસવિજયજી જૈન ફ્રી લાઇબ્રેરીના કાર્યવાહકોએ તે નિમિત્તે ખાસ સભા ભરીને દિલગિરીનો ઠરાવ કર્યો છે. કાળની વિષમતાને લઇને ઉત્તમ જીવોની ખામી આવે છે તેનું આ પ્રત્યક્ષ પ્રમાણ છે.

* * * *

સ્વદેશીની ચળવળમાં જૈન વર્ગે પણ સારો લાભ લેવા માંડ્યો છે. આ ચળવળમાં આર્થિક, શારીરિક ને ધાર્મિક ત્રણ પ્રકારના લાભ છે. અહિંસાપરાયણ જૈન વર્ગને તો બધી રીતે એ હકીકત બંધબેસતી છે. વિદેશી વસ્ત્રો વિગેરેમાં હિંસાનો સુમાર નથી. સ્વદેશી મીલોમાં પણ લાખો મણ ચરબી વપરાય છે. ખરી રીતે હાથના કાંતેલા સુતરનું હાથે વણેલું કપડું પહેરવું તેજ ઉત્તમ છે. પણ તે ન બની શકે તો સ્વદેશી શિવાય બીજું તો ન પહેરવું, ન ખરીદવું. વિવાહાદિ પ્રસંગમાં પણ બનારસ, દીલ્હી, સુરત, અમદાવાદ વિગેરેમાં બનેલા રેશમી કે કશબી વસ્ત્રો લેવા ને વાપરવા, પણ પરદેશીનો મોહ બીલકુલ તજી દેવો એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. જુદા જુદા શહેરોમાં અનેક જ્ઞાતિઓએ એ સંબંધમાં ઠરાવ કરવા માંડ્યા છે. વસ્ત્ર ઉપરાંત બીજી વસ્તુઓ પણ બનતા સુધી સ્વદેશીજ વાપરવાનું ધ્યાનમાં રાખવા યોગ્ય છે. એમાં પણ ઘણો લાભ સમાયેલો છે.

હાલમાં બહાર પડેલ છે.

## શ્રી શત્રુંજય લઘુ કલ્પ, ગુજરાતી અર્થ સાથે.

આ કલ્પ માગધી ૨૪ ગાથામાં પૂર્વાચાર્યે રચેલો છે. તેને બનતી રીતે શુદ્ધ કરીને તેના ગુજરાતી ભાષાંતર સાથે પ્રગટ કરવામાં આવેલ છે. બાઇ કસ્તુર તે શા. પ્રાગજી દીપચંદની વિધવાએ તેમાં આર્થિક સહાય આપેલી છે. એ પ્રકરણ ભણવા ગણવાની સરતે એની બુકો બાઈ કસ્તુર પાસેથી અને અમારી પાસેથી આપવામાં આવે છે. કિંમતથી વેચવાની નથી.

## અમારી તરફથી હાલમાં બહાર પડેલ છે.

૧ શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા કથા ભાષાંતર વિભાગ ૧ લો-પ્રસ્તાવ ૧-૨-૩

કિંમત રૂ ૩-૦-૦ પોસ્તેજ ૦-૯-૦

લાઇફ મેમ્બર પાસેથી રૂા. ૧ ) કમી લેવામાં આવશે.

૨ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ મૂળ. વિભાગ ૩ જો-સ્થંભ ૧૩ થી ૧૮

કિંમત રૂ. ૨-૮-૦ પોસ્ટેજ ૦-૭-૬

લાઇફ મેમ્બર પાસેથી રૂ. ૧ ) કમી લેવામાં આવશે.

૩ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૧૦ મું.

આવૃત્તિ બીજી શ્રી મહાવીર ચરિત્ર

કિંમત રૂ. ૨-૮-૦ પોસ્ટેજ ૩. ૦-૬-૬

બીજી આવૃત્તિ હોવાથી લાઇફ મેમ્બરનું કમી લેવામાં આવશે નહીં.

૪ શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર મૂળ. ગુજરાતી મોટા ટાઇપમાં. પ્રતિક્રમણમાં આવતા સૂત્રોના ભાવાર્થ વિગેરે વધારા સાથે. રૂ ૦-૧૦-૦ જૈનશાળા માટે રૂ ૦-૬-૦

૫ શ્રી બે પ્રતિક્રમણ સૂત્ર મૂળ ગુજરાતી મોટા ટાઇપમાં.

કિંમત રૂ ૦-૪-૦ જૈનશાળા માટે રૂ. ૦-૩-૬

૬ ચૈત્યવંદન ચોવીશી. કેટલાક ફેરફાર સાથે. પાકા પુંઠાવાળી. કિં. રૂ. ૦-૬-૦

૭ શ્રી રત્નાકર પચ્ચીશી. અનુવાદ તથા અર્થ સાથે. કિં. રૂ. ૦-૧-૦

૮ શ્રી ગાતમ સ્વામીનો રાસ-અર્થ સહિત. કિ. રૂ. ૦-૧-૦

## શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહકોને ભેટ.

વિનોદકારી કથા સંગ્રહનું ગુજરાતી ભાષાંતર પુ. ૩૭-૩૮ની ભેટ તરીકે છપાય છે. સુમારે ૧૬-૧૭ ફારમની (લગભગ ૨૭૫ પૃષ્ટની) બુક થશે. તેના પોસ્ટેજ માટે એક આનો લવાજમના રૂ ૧-૧૨-૦માં લેવામાં આવે છે, અને બે વરસની ભેળી ભેટ મોકલતાં બે આના આવે છે; પણ સરકારે પોસ્ટેજ વધારવાથી (ડબલ કરવાથી) તેટલામાં આવવી મુશ્કેલ છે. વેલ્યુ. કરીને મોકલવામાં સરકારે બે આના મનીઓર્ડર ફીના આપ્યા હોય છતાં બે આના વેલ્યુ. લેનાર પાસેથી રજીસ્ટરના વધારે લેવાનું શરૂ કર્યું છે; તેથી ગ્રાહક બંધુઓ જો પુ. ૩૭-૩૮ બંને વર્ષનું લવાજમ મનીઓર્ડરથી મોકલી આપશે તો અમે ભેટની બુક વેલ્યુ. થી ન મોકલતાં બુકપોસ્ટથી મોકલશું, જેથી ગ્રાહકને બે આનાનો લાભ થશે.

## નવું જૈન પંચાંગ.

સંવત ૧૯૭૮ ના ચૈત્રથી સંવત ૧૯૭૯ ના ફાગણ સુધીનું.

શેઠ ઉજમશી પુરૂષોત્તમદાસ રાણપુરનિવાસીના ફોટાવાળું.

કિંમત ૦-૦-૯. પોસ્ટેજ ૦-૦-૬.

મંગાવનારે તાકીદે મંગાવવા તસ્દી લેવી.